

ગુરુ-કુન્દકુન્દ સમ પૃથ્વી પર નહીં હુએ ન હૈં અરુ હોવેંગે,
સ્વાનુભૂતિકા માર્ગ દિખાયા યહ ઉપકાર ન ભૂલેંગે.

કહાન સંવત-૧૦ □ (૫૫૫) ❊ આત્મધર્મ ❊ (અંક-૭ વર્ષ-૪૬) □ વીર સં. ૨૫૧૬ જાન્યુઆરી, ૧૯૯૦

# પરમાગમ-ચિંતામણિ

* આત્મા અપને આત્માકો, સર્વ બાહરી પદાર્થોંસે ભિન્ન, અપને આત્માકે દ્વારા અનુભવ કરતા હુઆ નિશ્ચયસે કઠિનતાસે પ્રાપ્ત હોને યોગ્ય તથા ઉપમા રહિત પરમાત્મપદકો પ્રાપ્ત કર લેતા હૈ. ક્યા ગાઢ ડટા હુઆ વાંસકે વૃક્ષોંકા સમૂહ અપનેસે આપકો ઘિસતે ઘિસતે શીઘ્ર હી ન બુઝાને યોગ્ય તેજસ્વી અગ્નિપનેકો નહીં પ્રાપ્ત હો જાતા હૈ? ૨૦૭.

(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૪૯)

* યહ પ્રત્યક્ષીભૂત સ્વસંવેદનજ્ઞાનકર પ્રત્યક્ષ જો આત્મા વહી શુદ્ધ નિશ્ચયનયકર અનંત ચતુષ્ટયસ્વરૂપ ક્ષુધાદિ અઠારહ દોષ રહિત નિર્દોષ પરમાત્મા હૈ, વહ વ્યવહારનયકર અનાદિ કર્મબંધકે વિશેષસે પરાધીન હુઆ દૂસરેકો જાપ કરતા હૈ, પરંતુ જિસ સમય વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન-જ્ઞાનકર અપનેકો જાનતા હૈ, ઉસ સમય યહ આત્મા હી પરમાત્માદેવ હૈ. ૨૦૮.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૭૪)

* યદિ મોક્ષ પાનેકી ઇચ્છા કરતે હો તો નિરંતર હી આત્માકો શુદ્ધ, સચેતન, બુદ્ધ, જિન ઔર કેવલજ્ઞાન સ્વભાવમય સમઝો. ૨૦૯.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૬)

* સિદ્ધ ભગવાન શુદ્ધ આત્માકા હી અનુભવ કરતે હૈં. ઉનકા યહ હી ઉપદેશ હૈ કિ શુદ્ધ આત્મિક સ્વભાવકા હી અનુભવ કરો. ઉસી આત્માકે સ્વભાવકી હી રુચિ કરો. ઉસી રુચિસે હી જ્ઞાન આવરણ રહિત ઔર વીતરાગ હો જાતા હૈ. ૨૧૦.

(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૪૯૯)

* આ આત્મા જેમ જેમ પોતાની નિજજાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે. જે અશુદ્ધભાવ છે, અનિત્ય ભાવરૂપ છે, તેને જિનવચનમાં 'હેય' ભાવ કહ્યો છે. ૨૧૧.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન શ્લોક-૮)

卐

કહાન સંવત-૧૦
વર્ષ-૪૬
અંક-૭
[૫૫૫]

વીર સંવત-૨૫૧૬
સં. ૨૦૪૬
JAN.
A.D. 1990




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## સમ્યગ્દર્શનના આરોહણનો દિવ્ય સંદેશ

[માગશર વદ-૮]

આજે માગશર વદ ૮ના રોજ ભગવાન શ્રી કુંદકુંદદેવનો આચાર્યપદારોહણનો પાવન દિવસ છે અને કુદરતી ક્રમે આજે વીતરાગી જૈનદર્શનના પ્રાણ સમી સમયસારની ૧૧મી ગાથામાં સમ્યગ્દર્શન–આરોહણનો કાળ કેવો હોય તેની વાત આવી છે. આ સમયસારમાં પરમ અધ્યાત્મની ગહન વાત છે. ભગવાન તીર્થંકર જિનેન્દ્રના મુખકમળમાંથી નીકળેલી વાણીને શ્રી કુંદકુંદ-આચાર્યે જગત સમક્ષ જાહેર કરી છે. જન્મ-મરણના અંત આવે એવા અમૃતસાગરની વાત છે. ભગવાન આત્મા જ્ઞાનામૃતના સાગરથી ભરેલો છે, તેની આ વાત છે. શુદ્ધનય એક જ, વસ્તુને સત્યરૂપે પ્રગટ કરતો હોવાથી સત્યાર્થ છે, ભૂતાર્થ છે. વ્યવહારનય બધોય જૂઠા અર્થને પ્રગટ કરતો હોવાથી અસત્યાર્થ છે, અભૂતાર્થ છે. સ્થૂલ અને સૂક્ષ્મ રાગ તે આત્મા; રાગને જાણે તે આત્મા; જ્ઞાન તે આત્મા—એમ ચારેય પ્રકારના વ્યવહારનયો અભેદ આત્મામાં નહીં હોવાથી અને જૂઠા અર્થને પ્રગટ કરતા હોવાથી અસત્યાર્થ છે. ત્રિકાળી શુદ્ધ અભેદ ભગવાન આત્મા

કે જે સદાય વિદ્યમાન છે, પ્રગટ છે, તેને શુદ્ધનય એક જ પ્રગટ કરતો હોવાથી—બતાવતો હોવાથી તે ભૂતાર્થ છે. આવા ભૂતાર્થ-સ્વભાવના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પહેલી ગાથામાં સિદ્ધપણાની સ્થાપના કરાવી, છઠ્ઠી ગાથામાં સિદ્ધપણું પામવાના છઠ્ઠીના લેખ લખાયા અને આ અગિયારમી ગાથામાં સિદ્ધ થવાનું સાક્ષાત્ કારણ એવા ભૂતાર્થ શુદ્ધાત્મદ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવ્યો છે.

[ શ્રી સમયસાર ગાથા-૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, વીર સં ૨૫૦૨ ]

## 'જન્મ-મરણની બેડી તોડી નાખવાની આ (૧૧ મી) ગાથા છે'

વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં અંગીકાર કરવા લાયક નથી એમ આપ શા માટે કહો છો?—એમ શિષ્યને પ્રશ્ન થાય છે. તેના સમાધાન અર્થે આચાર્યદેવ આ ગાથાસૂત્ર કહે છે.

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ-સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

અર્થ:—વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

બહુ શાંતિથી અને ધીરજથી સમજવા જેવી આ ગાથા છે. જો આ ગાથાના ભાવ સમજાય જાય તો જન્મ-મરણના અંત આવી જાય તેવી આ વાત છે.

વ્યવહારનય અભૂતાર્થ છે. અભૂત એટલે નથી એવા અર્થને બતાવનારો છે; તેથી તે જૂઠો છે. વસ્તુમાં જે પરમાર્થ વસ્તુભૂત નથી એવા રાગને, ભેદને વ્યવહારનય બતાવતો હોવાથી તે અસત્યાર્થ છે. શુદ્ધનય ભૂતાર્થ છે. વસ્તુ જેવી છે તેવી બતાવનાર હોવાથી તે સાચો છે. અનંત ગુણો જેનામાં છે એવી અભેદ એકરૂપ ત્રિકાળી વસ્તુ તે જ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, તેને શુદ્ધનય બતાવે છે; તેથી તેનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દૃષ્ટિ છે.

અનાદિથી ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એવા ધ્રુવભાવનો અનાદર કરીને રાગનો આદર કર્યો છે તે જ મોટી સ્વહિંસા છે અને રાગનો આદર છોડીને શુદ્ધનયનો, ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર કરવો તે જ સાચી અહિંસા છે. વર્તમાન જ્ઞાનની દશા

રાગ તરફ ઢળેલી છે, તે દશા ત્યાંથી વિમુખ થઈને ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકભાવ તરફ ઢળે, અવલંબે, આશ્રય કરે તે જ ધર્મની શરૂઆત છે. જેમાં શરીર, કર્મ તો નથી, રાગ પણ નથી ને એક સમયની વર્તમાન પર્યાય પણ જેમાં નથી, એવી પર્યાય વિનાની ત્રિકાળી ધ્રુવ વસ્તુ ભૂતાર્થ, સત્યાર્થ છે; તેનો વર્તમાન પર્યાય આશ્રય કરે, અવલંબન કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે.

ત્રિકાળી અખંડ વસ્તુને ભેદ દ્વારા જણાવવી તે વ્યવહાર છે. વ્યવહારના ચાર પ્રકાર છે.

* ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવે તેવો રાગ.
* અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવતો નથી તેવો અબુદ્ધિપૂર્વકનો રાગ.
* ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર = જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે, રાગને જાણે તેમ કહેવું તે.
* અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર = જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડવો તે.

ઉપર કહ્યો તે સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે, જૂઠો છે. ભગવાન આત્મા અભેદ એકરૂપ અખંડ વસ્તુ છે, તેમાં ભેદ પાડીને જાણવું તે વ્યવહારનય છે. તે સઘળોય જૂઠો છે, અભૂતાર્થ છે, કેમ કે તે અવિદ્યમાન, અસત્ય અર્થને પ્રગટ કરનારો છે. ત્રિકાળી અભેદ એકરૂપ જ્ઞાયકભાવનો આશ્રય કરવા માટે વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે. નિર્મળ પર્યાય અને દ્રવ્ય બે ભેગાં લેવાં તે પણ આશ્રય કરવા માટે અસત્યાર્થ છે. સ્વભાવ અને સ્વભાવવાન એ અભેદ છે, તેની દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અભેદ એકરૂપ આત્મા સત્યાર્થ છે, તેની અપેક્ષાએ ચારેય વ્યવહારનય 'જ્ઞાન તે આત્મા' આદિ ભેદ પાડીને દેખાડે છે, વસ્તુમાં નથી એવા ભેદ પાડીને દેખાડે છે તેથી વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે, આદરવા લાયક નથી, જાણવા લાયક છે. રાગનો ભેદ, જ્ઞાનનો ભેદ આદિ ભેદ પાડીને દેખાડે છે તે (ભેદ) અભેદ વસ્તુમાં, ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનય સ્વયં અસત્યાર્થ હોવાથી આદરવા લાયક નથી.

શાંતિના પ્રયોજનની સિદ્ધિ અર્થે, સમ્યગ્દર્શનના પ્રયોજનની સિદ્ધિ અર્થે ત્રિકાળીને મુખ્ય કરી ભેદને ગૌણ કરીને ત્યાંથી દૃષ્ટિ હઠાવવા તેને અસત્યાર્થ કહ્યો છે. પર્યાય પર્યાય તરીકે નથી—એમ નથી, પણ પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે.

પર્યાયને ગૌણ કરી છે તેથી તે ધ્રુવદ્રવ્યમાં છે એમ પણ નથી. ત્રિકાળી જ્ઞાયકની દૃષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, પર્યાય છે તેને પર્યાયમાં ગૌણ કરી છે, ત્રિકાળીમાં ગૌણ કરી છે એમ નથી તથા સર્વથા પર્યાય નથી માટે અસત્યાર્થ કહી છે એમ પણ નથી. આ બહુ શાંતિથી સમજવા જેવી વાત છે. ત્રિકાળી જે વસ્તુ છે તેને મુખ્ય કરીને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે ત્યારે ધર્મની શરૂઆત થાય છે. પર્યાયમાં ભેદ હોવા છતાં પ્રયોજનની સિદ્ધિ માટે તેને ગૌણ કરી, ત્રિકાળી અભેદને મુખ્ય કરીને, સત્યાર્થ કહીને તેનો આશ્રય કરાવ્યો છે. તેના અવલંબનથી સમ્યક્ દર્શનના પ્રયોજનની સિદ્ધિ થાય છે.

શુદ્ધનય એક જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે કેમ કે તે સત્ય અર્થને પ્રગટ કરે છે. વળી શુદ્ધનય એક જ છે, તેના અશુદ્ધનય ને શુદ્ધનય એવા બે ભાગ નથી. ખરેખર તો અશુદ્ધનય પણ ભેદ પાડે છે માટે વ્યવહારનયમાં જ જાય છે. આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપણે પરિણમે તે પણ ભેદપ્રરૂપણ હોવાથી અશુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ છે. તે ભૂત, વિદ્યમાન, સત્ય, અભેદ એવા પદાર્થને પ્રગટ કરે છે.

પર્યાય સહિત દ્રવ્યને વિષય કરવો તે વ્યવહાર થઈ જાય છે, અસત્યાર્થ થઈ જાય છે. ત્રિકાળી અભેદને જાણનાર એક જ શુદ્ધનય છે. પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ-ધામ તે એક જ સત્યાર્થ છે. શુદ્ધનય અને તેનો વિષય ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ—એવા બે ભેદ પણ તેનો આશ્રય કરનારને રહેતા નથી; તેથી અહીં શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે તેમ ન કહેતાં શુદ્ધનય ભૂતાર્થ છે તેમ કહ્યું છે.

હવે આ વાતને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ ઢંકાઈ ગયો છે તેવા જળનો અનુભવ કરનારા ઘણા પુરુષો, જળ અને કાદવની ભિન્નતાના વિવેકના અભાવને લીધે, જળને મલિન જ અનુભવે છે; પણ કેટલાક પુરુષોને જળ-કાદવની ભિન્નતાનો વિવેક હોવાથી પોતાના પુરુષાર્થ વડે કતકફળ તેમાં નાખીને એક સહજ નિર્મળ એવા જળને પ્રગટ કરીને, તે જળને નિર્મળ જ અનુભવે છે.

તેવી રીતે કર્મના નિમિત્તે થતા મિથ્યાત્વ, કષાય આદિ ભાવના મળવાથી આત્માનો સહજ એક નિર્મળ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે, તિરોભૂત થયો છે. 'રાગ તે હું' એવા મિથ્યાત્વભાવના મેલની આડમાં નિર્મળાનંદ જ્ઞાયકભાવ આચ્છાદિત

થઈ ગયો છે. જ્ઞાયકભાવ પોતે તો સ્વભાવ અપેક્ષાએ અનાદિથી એવો ને એવો જ છે પણ 'વિકલ્પો તે હું' એવા મિથ્યાત્વભાવની આડમાં તે સહજ સ્વભાવ દૃષ્ટિમાં આવતો નથી, માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે. જેમ નજર આગળ એક આંગળી આડી ધરતાં આખો સમુદ્ર દેખાતો નથી તેથી જોનારને માટે સમુદ્ર તિરોભૂત થઈ ગયો છે તેમ કહેવાય. નજરમાં નથી આવતો માટે તિરોભાવ પામ્યો છે, પણ સમુદ્ર તો છે એમ ને એમ, એવો ને એવો છે જ. તેવી રીતે જ્ઞાયકભાવ તો સ્વભાવથી પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ અનાદિનો જેવો છે તેવો જ છે, તે કાંઈ તિરોભાવ પામ્યો નથી, પરંતુ જાણનારની દૃષ્ટિમાં 'રાગાદિ તે હું' એવા મિથ્યાત્વભાવની આડશ હોવાના કારણે જ્ઞાયકભાવ તેની નજરમાં નહીં આવતો હોવાથી તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે.

એ રીતે મિથ્યાત્વભાવને લીધે જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનારા વ્યવહારથી વિમોહિત હૃદયવાળા પુરુષોને, આત્મા તથા રાગાદિની ભિન્નતાનો વિવેક નહીં હોવાને લીધે, જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે એવો આત્માને અનુભવે છે, અર્થાત્ સહજ એક જ્ઞાયકભાવને નહીં અનુભવતાં આત્માને તેઓ રાગાદિવાળો અનુભવે છે, તે મિથ્યાદૃષ્ટિ છે. તે અધર્મને જ અનુભવે છે.

પરંતુ ભૂતાર્થદર્શીઓને એટલે કે શુદ્ધનયને દેખનારાઓને શુદ્ધનય અનુસાર આત્મા તથા વિભાવની ભિન્નતાનો વિવેક હોવાથી તેઓ પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવની સન્મુખ દૃષ્ટિ કરીને, સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે જેમાં એક જ્ઞાયક-ભાવ પ્રકાશમાન છે એવા આત્માને આવિર્ભૂત કરીને, પ્રગટ કરીને અનુભવે છે. તેથી તેઓ સમ્યગ્દૃષ્ટિ છે, તેઓ ધર્મને અનુભવે છે.

એ રીતે જેઓ શુદ્ધનયનો અર્થાત્ શુદ્ધનયના આલંબનભૂત ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરે છે તેઓ જ સમ્યગ્દૃષ્ટિ છે; પણ જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ સમ્યગ્દૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે. માટે કર્મથી એટલે વિકારી ભાવથી ભિન્ન આત્માને દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી; માત્ર શુદ્ધનય જ અનુસરવા યોગ્ય છે.

આ ૧૧ મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. અહીં સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો છે. વર્તમાન પર્યાયને જાણનાર વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળી,

અભેદ, એકરૂપ જ્ઞાયકભાવને ભૂતાર્થ, સત્યાર્થ કહ્યો છે. બે ભાવ છે: એક વર્તમાન પર્યાયભાવ અને બીજો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ; તેમાં પર્યાયને બતાવનાર વ્યવહારનયને જૂઠો કહ્યો છે ને ત્રિકાળી દ્રવ્યસ્વભાવને બતાવનાર શુદ્ધનયને સત્યાર્થ કહ્યો છે. બહુ સમજવા જેવી વાત છે. પર્યાય 'છે' તેને ગૌણ કરીને અભૂતાર્થ-અસત્યાર્થ કહી છે, અભાવ કરીને અસત્યાર્થ કહી નથી.

જેનો વિષય હયાતી ધરાવતો ન હોય, અવિદ્યમાન હોય તેને અસત્યાર્થ કહેવાય, એટલે કે પર્યાય, ભેદ સર્વથા છે જ નહિ—એમ નથી, પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં પર્યાય ભેદ નથી; માટે સઘળોય વ્યવહારનય અસત્યાર્થ છે એમ કહ્યું છે.

### * વ્યવહારનયને અભૂતાર્થ, અસત્યાર્થ કહેવાનો આશય *

જેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળનો પણ ભેદ નથી, જેમાં વર્તમાન પર્યાય પણ નથી, અનંતગુણનો પિંડ હોવા છતાં જેમાં 'જ્ઞાન તે આત્મા' એવા ગુણ-ગુણીના ભેદો પણ નથી એવું જે શુદ્ધનયના વિષયભૂત અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, જે સમ્યગ્દર્શનના ધ્યેયભૂત શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેની દૃષ્ટિ કરતાં, દૃષ્ટિ કરનારને અભેદ એકરૂપ વસ્તુનો જ અનુભવ થાય છે, અભેદ એકરૂપ વસ્તુ જ તેની દૃષ્ટિમાં આવે છે. અભેદની દૃષ્ટિ કરનારને તેમાં ભેદ દૃષ્ટિગોચર થતો જ નથી. માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ છે તેમ જ કહેવું જોઈએ. તેમ છતાં ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી, પર્યાય સર્વથા છે જ નહીં—એમ ન સમજવું. પર્યાય પર્યાયપણે છે ખરી, પરંતુ અભેદ દૃષ્ટિમાં પર્યાયનો અભાવ છે. અભેદની દૃષ્ટિ કરનાર પર્યાય છે છતાં દૃષ્ટિરૂપ પર્યાય જેને વિષય બનાવે છે તે અભેદ જ્ઞાયકભાવમાં તો પર્યાયનો ભેદનો સર્વથા અભાવ જ છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય ગૌણપણે પણ સામેલ છે જ નહિ, પર્યાય ગૌણરૂપે પર્યાયપણે જ છે. દૃષ્ટિના વિષયમાં પર્યાય અને ગુણ-ગુણીના ભેદ વિનાનો ત્રિકાળી અભેદ એકરૂપ આત્મા આવે છે, અને ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી પરંતુ વિષય કરનાર પર્યાય જ છે. અભેદ એકરૂપ જ્ઞાયકભાવને કાંઈ અભેદની દૃષ્ટિ કરવાપણું નથી; પરંતુ પર્યાય તેની દૃષ્ટિ કરે છે. માટે પર્યાય પણ છે ખરી. જો પર્યાયને સર્વથા અભાવ ગણીને અસત્યાર્થ માનવા જાય તો વેદાન્તમતવાળાની માન્યતા જેવું ઠરે. વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને,

અવસ્થાઓને માયાસ્વરૂપ કહીને સર્વથા અભાવરૂપ માને છે અને સર્વવ્યાપક એક અભેદ શુદ્ધ બ્રહ્મને વસ્તુ કહે છે. તેમ અહીં પર્યાયને અસત્યાર્થ કહેવાનું પ્રયોજન ન સમજે ને પર્યાયનો સર્વથા અભાવ માને તો, વેદાન્તમતવાળાની માફક, સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદૃષ્ટિનો જ પ્રસંગ આવે. કથંચિત્ અશુદ્ધનય છે એમ ન માને ને સર્વથા એકાંત શુદ્ધનયનો પક્ષ કરે તો તે મિથ્યાદૃષ્ટિ જ છે.

અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહેનારી છે. તેથી જે અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય તે રીતે સમજવું જોઈએ. નિત્યને સત્યાર્થ કહ્યો ને અનિત્યને અસત્યાર્થ કહ્યો તે કથન સ્યાદ્વાદથી કહ્યું છે. જિનવાણી સ્યાદ્વાદરૂપ હોવાથી, જન્મ-મરણનો અંત લાવનાર સમ્યગ્દર્શનના પ્રયોજનવશ શુદ્ધનયને મુખ્ય કરીને—નિશ્ચય કહીને—સત્યાર્થ કહ્યો છે, તથા વ્યવહાર-નયને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે.

જેમ જગતમાં બીજા પદાર્થો હોવા છતાં, પોતાનાથી ભિન્ન હોવાથી તેને અસત્ કહેવાય છે; પરંતુ તે પદાર્થો સર્વથા અભાવરૂપ અસત્ નથી. પદાર્થો પોતાના સ્વરૂપે સત્ જ છે, પરંતુ આ જીવમાં તે નથી, તે અપેક્ષાએ તેને અસત્ કહેવાય. તેમ ત્રિકાળી જ્ઞાયક ધ્રુવભાવ અને વર્તમાન અંશ એમ સતના બે અંશ છે ખરા, પરંતુ સમ્યગ્દર્શનરૂપ સાધ્યની સિદ્ધિના પ્રયોજનવશ, ત્રિકાળી ધ્રુવ-અંશમાં—જ્ઞાયકભાવમાં—વર્તમાન પર્યાય-અંશ ન હોવાથી, ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે ને વર્તમાન અંશને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. અનાદિથી જીવ દુઃખને પંથે દોરાઈ રહ્યો છે, ત્યાંથી છૂટકારો કરાવવા ને સુખના પંથે દોરવાના પ્રયોજનવશ ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરાવવા તેને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે, તથા દુઃખમય પરિભ્રમણનો હેતુ એવી અનાદિની પર્યાયબુદ્ધિ છોડાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. એ રીતે જિનવાણી પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે.

અનાદિથી જીવને વ્યવહારનો પક્ષ તો છે જ. વળી સર્વ પ્રાણીઓ પરસ્પર વ્યવહારનો જ બહુધા ઉપદેશ કરે છે તથા શાસ્ત્રમાં પણ શુદ્ધનયનો સહાયક હસ્તાવલંબ, નિમિત્ત જાણીને વ્યવહારનો ઉપદેશ ઘણો કરવામાં આવ્યો છે; પણ એ સઘળાય વ્યવહારના પક્ષનું ફળ તો સંસાર જ છે. શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ છે, પરંતુ શુદ્ધનયનો પક્ષ જીવને કદી આવ્યો નથી. હું ત્રિકાળી ચૈતન્યસત્તામાત્ર છું એવો

સ્વીકાર એને કદી આવ્યો જ નથી. એવો સ્વીકાર આવે તો જન્મ–મરણનો અંત આવ્યા વિના રહે નહિ.

અનાદિકાળમાં શુદ્ધનયના યથાર્થ પક્ષ વિના અનંત વાર દ્રવ્યલિંગી સાધુ થયો અને તેના ફળમાં નવમી ગ્રૈવેયકે પણ અનંત વાર જઈ આવ્યો. ધ્રુવ આત્મ-સ્વભાવના આશ્રય વિના શુભની ક્રિયાના ફળમાં અનાદિકાળથી રખડી રહ્યો છે. અશુભ ક્રિયાના ફળમાં તો રખડી રહ્યો છે જ, પણ શુભભાવના ફળમાં પણ, ધ્રુવસ્વભાવના આશ્રયના અભાવને લીધે, અનંતકાળથી રખડી રહ્યો છે.

વળી શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ છે. દિગમ્બર જૈનધર્મ સિવાય તો શુદ્ધ-નયનો યથાર્થ ઉપદેશ બીજે ક્યાંય છે જ નહીં, પણ દિગમ્બર જૈનધર્મમાં પણ શાસ્ત્રોમાં વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે, કારણ કે વ્યવહારીજનોને વ્યવહારના ઉપદેશ વિના પરમાર્થ સમજાવવો શી રીતે? તેથી વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે. પણ જો વ્યવહારને સત્યાર્થ માની તેનું અવલંબન લેવા જશે તો તેનું ફળ સંસાર જ છે.

એ રીતે શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો ન હોવાથી, તેનો ઉપદેશ પણ ક્યાંક ક્યાંક કર્યો હોવાથી તથા શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ હોવાથી, શ્રીગુરુએ તેનો ઉપદેશ મુખ્યતાથી દીધો છે કે શુદ્ધનય સત્યાર્થ છે, તેની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય નિર્મળ પર્યાય રહિત ત્રિકાળી જ્ઞાયકભાવ જ છે. એની દૃષ્ટિ વિના જ્યાં સુધી જીવો વ્યવહારમાં, એક સમયના વર્તમાન પ્રગટ અંશમાં, મગ્ન રહે છે ત્યાં સુધી તેઓની પર્યાયદૃષ્ટિ છૂટતી નથી ને નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી.

—o—

* શ્રોતાઃ—બે નયોને જાણવાનું કહ્યું છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—જાણવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જાણવા માટે તો બધા નયો કહ્યા છે, પણ ધર્મરૂપ પ્રયોજનની સિદ્ધિ માટે તો એકરૂપ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યસામાન્યદ્રવ્ય છે તે જ આશ્રય કરવા યોગ્ય છે. જાણવાના વિષયમાં આદરવા-પણું માની લેતાં દૃષ્ટિની વિપરીતતા થાય છે.

# સંસાર-વેલ નાશ કરવાનો ઉપાય

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૨૨ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રના પ્રથમ અધિકારની આ ૩૨ મી ગાથા ચાલે છે.

પરમાત્મસ્વરૂપ ભગવાન આત્મા જ્યારે સંસાર, શરીર અને ભોગોથી વિરક્ત થઈને શુદ્ધાત્માને ધ્યાવે છે ત્યારે તેની અનાદિથી ચાલી આવતી સંસારરૂપી મોટી વેલ નાશ પામે છે.

અનાદિથી જીવ ઉદયભાવોમાં રંગાયેલો છે – મૂર્છિત થઈ ગયો છે. પોતાના શુદ્ધ સ્વરૂપને ભૂલી ગયો છે અને સંસાર, શરીર અને ભોગોમાં લીન થઈ ગયો છે. જુઓ, આ ઉપરથી સિદ્ધ થાય છે કે જીવની પર્યાયમાં કદી ભૂલ જ ન હતી અને શુદ્ધ જ હતો એમ નથી. અનાદિથી પોતે ભૂલ કરતો આવ્યો છે. સંસાર, શરીર અને ભોગાદિમાં આસક્તિ કરતો હતો તેથી દુઃખી હતો. હવે જે તેનાથી વિરક્તમન થઈ શુદ્ધાત્માનું ચિંતવન કરે છે એટલે કે શુદ્ધસ્વરૂપની સન્મુખ થઈ તેનું ધ્યાન કરે છે—તેમાં લીન થાય છે તેની સંસારરૂપી મોટી વેલ નાશ પામે છે—ઉદયભાવની મોટી વેલ નાશ પામે છે.

રાગ તે સંસાર છે અને સ્વભાવ તે અસંસાર છે. સંસાર, શરીર અને ભોગોને ઉત્પન્ન કરવા એવો કોઈ આત્મામાં ગુણ નથી. આત્મામાં તો એવો ગુણ છે કે જે સંસારનું કારણ ન બને અને સંસારથી પોતાનું કાર્ય ન રચે આવો અકાર્યકારણ નામનો આત્મામાં ગુણ છે. તેથી સંસારનો અભાવ કરવાનું આત્મામાં સામર્થ્ય છે અને 'પ્રભુત્વ' એ પણ આત્માનો એક ગુણ છે. આવા ગુણવાન આત્માનું જ્ઞાન કરીને જીવ પર્યાયમાં અતીન્દ્રિય સુખામૃત ઉત્પન્ન કરી શકે છે.

આત્મવસ્તુમાં એવો કોઈ ગુણ નથી કે સંસાર ઉત્પન્ન કરે, ભોગોને વેદે અને શરીરને પોતાનું માને—એવો કોઈ ગુણ આત્મામાં નથી. છતાં અનાદિથી ચિદાનંદસ્વરૂપના અજાણ એવા જીવને સંસાર ઊભો થાય છે, શરીરમાં મારાપણાની ભ્રમણા થાય છે, ભોગોને ભોગવવાની ભાવના થાય છે તે તેની મૂઢતા છે. ચૈતન્ય પોતે તો મહા રત્ન છે તેમાં કોઈ વિકારને ઉત્પન્ન કરે એવો ગુણ નથી પણ મૂઢ જીવ પોતાના સ્વરૂપનો અજાણ થઈને અજ્ઞાનભાવે મિથ્યાત્વ સહિત રાગ-દ્વેષ ઉત્પન્ન કરે છે.

શ્રોતા :—અમારો આ ભ્રમ હવે કયારે છૂટશે ?

પૂજ્ય ગુરુદેવશ્રીઃ—જેણે ભ્રમ કર્યો હોય તે ભ્રમ છોડે ત્યારે છૂટે ને! જે જોડે તે તોડે. અજ્ઞાનભાવે રાગની સાથે જોડાણ પોતે કર્યું છે તો પોતે તોડે તો તૂટે એવી વાત છે. ચૈતન્યસ્વભાવમાં તો રાગ સાથે જોડાણ કરવાની કોઈ શક્તિ નથી. સ્વભાવમાં તો તેનો અભાવ કરવાની શક્તિ છે પણ અજ્ઞાનવશ રાગમાં એકત્વની સ્થિતિ તો જુઓ કે જરા બહારના સંયોગમાં ફેરફાર થાય, પગ ન ચાલે ત્યાં હવે આમાંથી છૂટીએ તો સારૂં! પણ ભાઈ! તારે છૂટીને કયાં જવું છે? કયાંય માસીબાએ ખાટલા ઢાળી રાખ્યા છે તારા માટે? તું તો તારા આત્મામાં જા ત્યારે તારું દુઃખ ટળે તેમ છે. બહારની સગવડતાથી તને કાંઈ લાભ નથી.

સંસાર એટલે સ્ત્રી, પુત્ર, પરિવારનો સંયોગ તે સંસાર નથી પણ અંતરમાં જે ભ્રમણા પડી છે કે શરીર મારું, રાગ મારો, હું કર્મ બાંધું છું, કર્મ મને રખડાવે છે આવી આવી જે ભ્રમણા છે તે સંસાર છે. વિકારનો ભોગવટો તે 'ભોગ' છે અને અશરીરી આત્માથી ભિન્ન એવું આ શરીર તેમાં જે મિથ્યાત્વભાવે આસક્ત હતો તે આસક્તિ છોડી સ્વભાવનો આદર કરે છે તેને સંસારરૂપી વેલનો નાશ થાય છે.

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા' પોતે પોતાને ભૂલીને દુઃખી થયો છે અને માને છે કે મને આ શરીર અને સંયોગો અનુકૂળ નથી માટે હું દુઃખી છું. પોતે ભગવાન છે છતાં મૂઢ થયો છે એટલે જ શ્રીમદ્ કહે છે ને—પ્રભુ આત્મામાં અનંતગુણ છે પણ તેમાં અપલક્ષણના પાર નથી. પોતાની મૂર્ખાઈથી મૂરખ થયો છે. જે સ્વભાવ પોતાનો છે તેમાં મારાપણું રહ્યું નહિ અને શરીર, સ્ત્રી, પુત્ર, મકાન આદિમાં મારું... મારું...કરીને દુઃખી થઈ રહ્યો છે. આવી ભ્રમણા જીવને કોઈ અન્યદ્રવ્ય કરાવતું નથી અને પોતામાં પણ ભ્રમણા થાય એવો કોઈ ગુણ નથી પણ પર્યાયમાં પોતે એવી ભ્રમણા ઊભી કરે છે.

આત્મામાં તો સત્-શાશ્વત જ્ઞાન-આનંદ શક્તિ છે તેથી તે આનંદ ઉત્પન્ન કરવામાં કારણ થાય છે પણ દુઃખ ઉત્પન્ન કરવામાં કારણ થતો નથી.

ભગવાન આત્મા જે સંસાર, શરીર અને ભોગોમાં આસક્ત ચિત્ત છે તે સંસાર આદિ વસ્તુના સ્વભાવમાં તો છે નહિ તેથી વસ્તુનો જે સ્વભાવ છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને સત્કાર-આદર કરતાં, વસ્તુનો સ્વભાવ એવો છે કે આનંદનું કારણ બનીને આનંદગુણ પર્યાયમાં આનંદ આપે છે.

પરમાત્મપ્રકાશમાં બહુ માખણ ભર્યું છે. એકલો માલ જ ભર્યો છે. લાડવા બનાવીને તૈયાર રાખ્યા છે કે ખાવ એટલી જ વાર છે! પ્રભુ! તને તારો વિશ્વાસ નહિ! અને તારામાં જે નથી તેનો વિશ્વાસ તે ઊભો કર્યો છે પણ તે વિશ્વાસ-ભ્રમ પર્યાયમાં જ છે

વસ્તુમાં એ જૂઠા વિશ્વાસનો અભાવ છે.

પ્રભુ! તારામાં તો એવી તાકાત છે કે તું અતીન્દ્રિય આનંદનું કારણ બને. દુઃખ ઉત્પન્ન કરવું એ તારું સ્વાભાવિક કાર્ય નથી. એવો કોઈ ગુણ જ નથી કે જે દુઃખ ઉત્પન્ન કરે. માટે ભ્રાંતિ છોડ અને નિર્ભ્રાંત થઈને સંસારવેલડીનો છેદ કર.

તત્ત્વ ઝીણું ઘણું એટલે જીવને એમ થાય કે આ તો કાંઈ સમજાતું નથી. પૈસા દેતાં ધર્મ થતો હોય તો કરી લઈએ. પૂર્વે પુણ્ય કર્યા હતા તે બળીને વર્તમાનમાં પૈસો મળ્યો છે. ૧૦ લાખની મૂડી છે તો જો ધર્મ થતો હોય તો ૫૦ હજાર દાનમાં આપી દઈએ. તો કહે છે કે ના ભાઈ! એમ ધર્મ ન થાય.

શ્રોતા:—પુણ્ય કરવાથી પાપ તો ઓછું થાય કે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—પુણ્યથી મિથ્યાત્વનું પાપ ઓછું ન થાય. શરીર અને સંયોગો સારા મળે પણ ભગવાન આત્માની મિથ્યાભ્રાંતિ કે જે મહાન પાપ છે તે પુણ્યથી ઓછું થતું નથી.

પુણ્ય-પાપથી શરીરના વેષ પલટાય છે પણ આત્માનો વેષ પલટાતો નથી. પુણ્ય કરે તો સ્વર્ગનો વેષ મળે અને પાપ કરે તો નરકનો વેષ મળે પણ આત્માની દશા ન પલટાય. આત્માનો વેષ તો ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરે તો જ પલટાય. સમયસારમાં આવે છે કે સંવર-નિર્જરા એ આત્માનો વેષ છે. અનાદિથી જીવે વિકારનો વેષ ધારણ કરી રાખ્યો છે તે સ્વભાવદૃષ્ટિથી પલટાઈને સંવર-નિર્જરાનો વેષ આત્મા ધારણ કરે છે.

અનંતગુણસંપન્ન ભગવાન આત્મા જેવો છે તેવી તેની દૃષ્ટિ કરવાથી અથવા તેના વિશ્વાસથી તેની જ રુચિથી અને તેમાં જ એકાકાર થવાથી જેને વીતરાગ આનંદ પ્રગટ થયો છે તે પોતાના ચિત્તને રાગ-દ્વેષથી હટાવીને પરમાનંદમાં લીન કરીને સંસારનો નાશ કરે છે. સંસાર અને મોક્ષ બન્ને અવસ્થા વખતે તેનો દ્રવ્યસ્વભાવ તો એવો ને એવો જ રહ્યો છે.

પૂર્ણાનંદ પ્રભુ પૂર્ણ પ્રભુશક્તિ, પૂર્ણ આનંદ શક્તિ અને પૂર્ણ અકાર્યકારણ-શક્તિથી ભરેલો છે. તે રાગનું કારણ બને કે રાગનું કાર્ય બને એવી તેનામાં શક્તિ જ નથી. આવા શુદ્ધાત્માનો પ્રેમી બનીને જે સંસાર, શરીર અને ભોગાદિનો વૈરાગી બને છે તે સંસારથી મુક્ત થાય છે.

જુઓ! આવો વૈરાગ્ય જોઈએ. બાયડી-છોકરાંને છોડી દેવા તે વૈરાગ્ય નથી. સ્ત્રી-પુત્રાદિ તો સાપોલિયા (સર્પના બચ્ચા) છે મને નુકશાન કરનારા છે એમ માનીને છોડે એ તો દ્વેષ થયો. પરદ્રવ્ય મને નુકશાન કરે એ માન્યતા જ મિથ્યાત્વ છે.

શ્રોતા:—સ્ત્રી, પુત્રાદિ ઘરમાં કલેશ કરતાં હોય તો?

પૂજ્ય ગુરુદેવશ્રી:—તેનો કલેશ તેનામાં રહ્યો. પરનો કલેશ જીવને અડતો પણ નથી

અને જીવના ભાવ પરને અડતાં નથી. માટે પરને દુઃખરૂપ જાણીને છોડવા તે વૈરાગ્ય નથી. પરંતુ ગ્રહણ જ આત્માએ કર્યું નથી તો છોડે શું? સ્વભાવના લક્ષે પરમાનંદ થતાં સંસાર, શરીર, ભોગાદિની રુચિ છૂટી જાય છે તેનું નામ વૈરાગ્ય છે. આ બધું સમજવું પડશે, આમાં ફેરફાર નહિ ચાલે.

કહે છે કે પ્રભુ! તારામાં જે શક્તિ પડી છે તે તો પ્રગટ કરી નહિ અને જે શક્તિ નથી તેને પ્રગટ કરીને તેમાં રંજિત થઈ રહ્યો છો, તો એકવાર તો પ્રભુ! તારા સ્વભાવનો પ્રેમ કરી આનંદ ઉત્પન્ન કર. પરથી વૈરાગ કર અને સ્વભાવસન્મુખ થા. શુદ્ધ-ભૂમિકામાં એવો એકાગ્ર થા કે પછી સંસારવેલ ફરી ઉત્પન્ન જ ન થાય. નિજ શુદ્ધસ્વરૂપ પરમાત્માની દૃષ્ટિ અને ધ્યાન જ સંસારરૂપી વેલનો નાશ કરવાનો એકમાત્ર ઉપાય છે. શુભરાગથી સંસારનો નાશ થતો નથી. કેમ કે જે ભાવ જ તારામાં નથી તેનાથી તારું કાર્ય કેવી રીતે થાય? વળી, રાગ વડે રાગનો નાશ કરવો એ કેવી રીતે બને?

શ્રોતા:—કાંટાથી કાંટો નીકળે છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી:—કાંટાથી કાંટો નીકળતો નથી પણ કાંટાને પકડનારાના જોરથી કાંટો નીકળે છે. તેમ રાગરૂપી કાંટો રાગથી નીકળતો નથી પણઆત્માના જોરથી રાગરૂપી કાંટો નીકળે છે. માટે આત્માની ઓળખાણ કરવી જરૂરી છે. એક આત્માને જાણે છે તે સર્વને જાણે છે અને એકને જાણ્યા વગર સર્વને જાણે છે તેણે કાંઈ જાણ્યું જ નથી. માટે જેમાં ચૈતન્યનિધાન ભર્યું છે એવા આત્માને જાણી તેનું ધ્યાન કરવાથી જ સંસારરૂપી મોટી વેલનો નાશ થાય છે.

હવે આગળની ૩૩મી ગાથામાં મુનિરાજ કહે છે કે દેહરૂપી દેવાલયમાં ભગવાન બિરાજે છે.

દેહ + આલય = દેહરૂપી સ્થાનમાં સિદ્ધ જેવો ભગવાન આત્મા બિરાજે છે પણ તે દેહથી ભિન્ન છે. શુદ્ધનિશ્ચયનયથી આ દેહરૂપી દેવાલયમાં જે આત્મા બિરાજે છે તે જ તારો પરમાત્મા છે. સિદ્ધાલયમાં બિરાજે છે તે તારા પરમાત્મા નથી.

અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા દેહમાં રહેલો છે પણ નિશ્ચયનયથી તે દેહથી આત્મા ભિન્ન છે. સત્‌સ્વરૂપની દૃષ્ટિથી જોઈએ તો દેહની જેમ આત્મા મૂર્તિક નથી, અમૂર્તિક છે. દેહ તો અશુચિ છે, તેમાં હાડકા, માંસ, લોહી આદિ અપવિત્ર વસ્તુ ભરી છે અને ભગવાન આત્મા તો મહા પવિત્ર જ્ઞાન-આનંદ આદિ અનંતગુણોથી ભરેલો શુચિ પદાર્થ છે. જેના એક એક પવિત્ર ગુણોનું અચિંત્ય અને અમાપ સામર્થ્ય છે. એવા તો અનંત ગુણોનું ધામ આત્મા છે.

માટે, આવો અમૂર્તિક, શુચિ–મહાપવિત્ર, અનાદિ અનંત જ્ઞાનાદિ ગુણસ્વરૂપ ભગવાન આત્મા જ ઉપાદેય છે. તે જ તારા માટે પૂજનીય દેવ છે. પરમ આરાધ્યદેવ

તારો આત્મા જ છે. ભગવાન સર્વજ્ઞદેવ તો વ્યવહારે પૂજનીય છે. નિશ્ચયથી તો તારા માટે તારો આત્મા જ પૂજનીય છે માટે કહ્યું છે કે 'તન મંદિરમાં દેવ જિન'.......

શ્રોતા:—પોતાના ભગવાનની પૂજા કેવી રીતે કરવી?

પૂજ્ય ગુરુદેવશ્રી:— એ જ કહ્યું ને! પોતાનો સ્વભાવ જેવો છે તેવો દૃષ્ટિમાં લઈને તેનું બહુમાન કરવું તે જ પોતાનું પૂજનીયપણું છે અને રાગાદિની અધિકતા-મહત્તા છોડી દેવી તે જ રાગાદિનું અપૂજનીયપણું છે. આહાહા....!

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શકયા નહિ તે પણ શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો....

વાણી જડ અને આત્મા ચૈતન્ય, વાણી રૂપી અને આત્મા અરૂપી—આમ બંને વિરુદ્ધ ધર્મોવાળા તત્ત્વો છે તેથી જડ વાણી વડે ચૈતન્યની મહિમા કયાંથી થઈ શકે? સર્વજ્ઞની વાણી તો પૂર્ણ છે તેમાં પણ આત્માનું પૂરું વર્ણન આવી શકતું નથી તો અલ્પજ્ઞની વાણીમાં આત્માનું પૂરું વર્ણન કયાંથી આવી શકે? એ તો સ્વસંવેદનથી જ જાણી શકાય તેવું તત્ત્વ છે. બાકી બધી નિમિત્તની વાતો છે.

દેહનો સંયોગ તો આદિ અને અંતવાળો છે અને ભગવાન આત્મા અનાદિ-અનંત છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળ દરેક કાળે વસ્તુ તો છે....છે...અને છે જ. તેની કદી શરૂઆત થઈ નથી અને અંત આવવાનો નથી. માટે ભગવાન આત્મા અનાદિ-અનંત છે.

આત્માને પણ શરીર છે. કેવું શરીર? કે કેવળજ્ઞાનના પ્રકાશકરૂપ આત્માનું શરીર છે. જડ શરીર આત્માનું નથી પણ આત્મા તો ચૈતન્યશરીરી છે. તેના વડે તે લોકાલોકને જાણવાનું સામર્થ્ય ધરાવે છે અને પર્યાયમાં તે શક્તિ પ્રગટ થાય ત્યારે એક સમયમાં આખા લોકને પ્રગટપણે તે જાણે છે. આ શક્તિ જડ શરીરમાં કે પરદ્રવ્યમાં નથી તેથી તેમાંથી જ્ઞાન આવતું નથી પણ પોતાની શક્તિ જ એવી છે કે તેમાંથી પૂર્ણજ્ઞાન પ્રગટ થાય છે.

શરીરને તો જડ, મૂર્તિક અને આદિ-અંતવાળુ કહીને અપૂજ્ય કહ્યું છે અને ભગવાન આત્મા તો ચૈતન્ય, અમૂર્તિક અનાદિ અનંત જ્ઞાનાદિ પ્રકાશવાળો હોવાથી સદા પૂજનીય પરમ આરાધ્યદેવ છે એમ જાણ! શરીર સ્વ-પર કોઈને જાણતું નથી અને આત્મા કોઈને જાણ્યા વગર રહેતો નથી એવો તેનો સ્વભાવ છે માટે કહ્યું કે બંને વિરૂદ્ધ ધર્મવાળા તત્ત્વો છે.

દેહમાં આત્મા રહેલો હોવા છતાં બંનેમાં કેટલી વિરૂદ્ધતા છે. દેહ ત્રિકાળ જડ-મડદું છે અને આત્મા ત્રિકાળ ચૈતન્ય છે. દેહ અશુચિનું ધામ છે જ્યારે ભગવાન આત્મા મહાપવિત્ર શુચિતાનું ધામ છે. દેહ કોઈને જાણતું નથી અને આત્મા એક સમયમાં સર્વને જાણનારો છે. માટે આત્મા શરીર પ્રમાણ રહ્યો હોવા છતાં શરીરને સ્પર્શ કરતો નથી—એમ નિર્ભ્રાંત જાણ! જેમ શરીર અને રાગમાં નિર્ભ્રાંતપણે મારાપણું માનતો હતો તે છોડીને હવે અમે કહીએ છીએ કે તું નિર્ભ્રાંતપણે આવા તારા સ્વરૂપમાં એકત્વ કર. તેમાં બિલકુલ સંદેહ ન કર!

અનાદિથી અજ્ઞાનીને ભ્રાંતિવશ શરીર, રાગ અને અલ્પજ્ઞતામાં જ પોતાપણું ભાસતું હતું પણ તે તો ભ્રાંતિ હતી, તે છોડીને સ્વરૂપની દૃષ્ટિ કરે છે તેને નિર્ભ્રાંતપણે એવી શ્રદ્ધા થઈ જાય છે કે હું અનાદિ-અનંત જ્ઞાનાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. તેને શંકા નથી પડતી કે હું આવો કેવી રીતે હઈશ.

ભગવાન આત્મા દેહમાં રહે છે પણ દેહથી ભિન્ન છે એમ કહેતાં સર્વવ્યાપક નથી એ વાત પણ આમાં આવી ગઈ. ડબ્બીમાં હીરો પડયો હોય પણ ડબ્બી અને હીરો તદ્દન જુદી ચીજ છે. હીરો પ્રકાશસ્વરૂપ છે અને ડબ્બી તો ધાતુમય છે તે બંને એક-બીજાને અડતાં નથી. તેમ ભગવાન આત્મા ચૈતન્યહીરો જડ શરીરમાં રહેલો હોવા છતાં તેનાથી તદ્દન ભિન્ન છે.

જેમ હીરો તો જડ પરમાણુનો નાનો એવો પિંડ છે, તે નથી ભૂખ લાગે તો ખાવામાં કામ આવતો કે તરસ લાગે તો પાણી આપતો નથી, રોગ થયો હોય તો ઘસીને ચોપડવાના કામમાં આવતો નથી છતાં તેની કેટલી કિંમત છે! હજારો લાખો રૂપિયાની કિંમત હોય છે તો આ ભગવાન આત્મા તો ચૈતન્યહીરો છે તેમાં તો જ્ઞાનાદિ અનંતગુણોના અનંતપાસા પડયા છે, તેના એક ગુણની કિંમત–મૂલ્યાંકન થઈ શકતું નથી તો આખા ચૈતન્યદેવની કિંમત કેટલી હશે! તે શું રાગાદિ વિકલ્પની કિંમત ચૂકવીને પ્રાપ્ત થઈ જાય એવો નિર્મૂલ્ય પદાર્થ છે! એ તો મહાકિંમતી ચીજ છે, તેની કિંમત ચૂકવે તેને જ તે પ્રાપ્ત થાય તેવો છે.

જે પોતાની વર્તમાન પર્યાયમાં અનંત ગુણસ્વરૂપ ભગવાન આત્માને સ્પર્શે છે તે નિજભગવાનને ભેટે છે, તેને પરમાત્માના સ્પર્શમાં અતીન્દ્રિય આનંદ આવે છે. બાકી શુભરાગથી આત્માનો સ્પર્શ કદી થઈ શકતો નથી. કદાચિત લાંબાકાળે કોલસાના પરમાણુની પર્યાય પલટીને હીરારૂપે થાય પણ તેની જેમ રાગ પલટાઈને ધર્મ કદી ત્રણકાળમાં પણ થતો નથી.

[ અનુસંધાન માટે જુઓ પાનું ૨૧ ]

# નિશ્ચયરત્નત્રય તથા તેના નિમિત્તનું સ્વરૂપ

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ગાથા–૫૧–૫૫ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

## સમસ્ત વસ્તુને યથાર્થ બતાવનાર ભગવાનની વાણી તથા શાસ્ત્રો સમ્યગ્દર્શનમાં બાહ્ય નિમિત્ત છે.

"આમ ભેદોપચાર રત્નત્રયપરિણતિ છે. તેમાં જિનપ્રણીત હેય–ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે. આ સમ્યક્ત્વપરિણામનું બાહ્ય સહકારીકારણ વીતરાગ સર્વજ્ઞના મુખકમળથી નીકળેલું સમસ્ત વસ્તુના પ્રતિપાદનમાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે."

પંચપરમેષ્ઠીની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે, શુદ્ધ જીવતત્ત્વ ઉપાદેય છે ને પુણ્ય–પાપાદિ ભાવો હેય છે એમ હેય-ઉપાદેય તત્ત્વનું જ્ઞાન તે વ્યવહારજ્ઞાન છે ને પાંચ મહાવ્રતાદિના પરિણામ તે વ્યવહારચારિત્ર છે. આ પ્રમાણે ભેદોપચાર રત્નત્રય પરિણતિ છે.

હવે જીવ પોતાના અખંડ સ્વભાવના આશ્રયે નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન પ્રગટ કરે તો નિમિત્ત કેવું હોય તે બતાવે છે. પોતે જ્ઞાયક શક્તિથી ભરેલો છે એવી અંતર રાગરહિત પ્રતીતિ તે સમ્યગ્દર્શનના પરિણામ છે ને તે મોક્ષનો માર્ગ છે. તે સમ્યક્ત્વના પરિણામનું બાહ્ય સહકારીકારણ ભગવાને કહેલા વસ્તુસ્વરૂપને કહેવામાં સમર્થ એવું દ્રવ્યશ્રુતરૂપ તત્ત્વજ્ઞાન જ છે. ભગવાનની વાણીથી સમ્યગ્દર્શન થાય છે એમ કહેવું નથી પણ આત્મામાં પુણ્ય–પાપના ભાવ થાય છે તે વિકાર છે ને તે વિનાનો આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એવી પ્રતીતિ કરવામાં કોની વાણી નિમિત્ત છે? ભગવાન વીતરાગ સર્વજ્ઞદેવની વાણી અથવા શાસ્ત્રો જે અવિરોધપણે વસ્તુસ્વરૂપ બતાવે છે તે નિમિત્ત હોય છે. અજ્ઞાનીની વાણી નિમિત્ત થઈ શકતી નથી.

## જ્ઞાની ધર્માત્માઓ સમ્યગ્દર્શનમાં અંતરંગ નિમિત્ત છે.

"જે મુમુક્ષુઓ છે તેમને પણ ઉપચારથી પદાર્થ નિર્ણયના હેતુપણાને લીધે (સમ્યક્ત્વપરિણામના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહનીય કર્મના ક્ષયાદિક છે."

જે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તેને વાણી બાહ્ય નિમિત્ત કહી. હવે ધર્માત્મા—જ્ઞાની પુરુષો અંતરંગ નિમિત્ત છે એમ બતાવે છે. અહીં મુમુક્ષુમાં કેવળીને લેવા નથી પણ ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને વર્તતા ધર્માત્માની વાત લેવી છે. જે આત્મા

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામેલો છે, જેણે મોહનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ કરેલો છે તેવો જીવ બીજા જીવને અંતરંગ હેતુ થાય છે. ધર્માત્મા જીવ પણ પર છે છતાં વાણીના નિમિત્તપણા અને જ્ઞાનીનાં નિમિત્તપણાનો ભેદ બતાવવા માટે તેને અંતરંગ હેતુ કહેલ છે. શાસ્ત્ર કાંઈ બોલતું નથી. શાસ્ત્રનું રહસ્ય તો જ્ઞાની પુરુષો બતાવે છે. તે જ્ઞાની પુરુષોનો અભિપ્રાય સામેના જીવને તેના શુદ્ધસ્વભાવ તરફ વાળવાનો છે એવો અભિપ્રાય સામેનો જીવ પકડે છે માટે જ્ઞાનીને અંતરંગ હેતુ કહ્યા છે.

ચૈતન્યમૂર્તિ આત્મા કારણપરમાત્મા છે. વિકાર, રાગ–દ્વેષ કે ઉણપ તે આત્માનું ખરું સ્વરૂપ નથી. આત્મા આનંદકંદ છે, પુણ્ય–પાપ કે નિમિત્તમાંથી ધર્મદશા થતી નથી. ધર્મનું કારણ શુદ્ધ પરમાત્મા છે. એવા દ્રવ્ય સ્વભાવની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તેમાં પંચપરમેષ્ઠીની શ્રદ્ધારૂપી વ્યવહારસમકિત નિશ્ચય સમ્યગ્દર્શનનું નિમિત્ત છે. પોતાના કારણપરમાત્માના આશ્રયે પ્રગટતું જ્ઞાન તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે, તેમાં વિપરીતતાદિ દોષરહિત પદાર્થોનું હેય–ઉપાદેય તત્ત્વો સહિતનું વ્યવહારજ્ઞાન નિમિત્ત છે. પોતાના કારણપરમાત્માને આશ્રયે પ્રગટતી વીતરાગી દશા તે ચારિત્ર છે, તેમાં પંચમહાવ્રતાદિના પરિણામરૂપ વ્યવહારચારિત્ર નિમિત્ત છે તે બતાવીને ભગવાનની વાણી તથા શાસ્ત્રને બાહ્ય નિમિત્ત કહેવાય છે તથા ધર્માત્માને અંતરંગ નિમિત્ત કહેવાય છે. શાસ્ત્ર અને ધર્માત્મા નિમિત્ત કોને થાય છે? જે નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરે છે તેને નિમિત્ત થાય છે.

હવે નિશ્ચય મોક્ષમાર્ગ કહે છે.

"અભેદ અનુપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો એક સ્વભાવ છે એવા નિજ પરમ તત્ત્વની શ્રદ્ધા વડે, તદ્જ્ઞાનમાત્ર (તે નિજ પરમ તત્ત્વના જ્ઞાનમાત્રસ્વરૂપ) એવા અંતર્મુખ પરમબોધ વડે અને તે–રૂપે (અર્થાત્ નિજ પરમતત્ત્વરૂપે) અવિચળપણે સ્થિત થવારૂપ સહજચારિત્ર વડે અભૂતપૂર્વ સિદ્ધપર્યાય થાય છે."

## નિજ શુદ્ધ પરમતત્ત્વની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

જીવનો પોતાનો એકરૂપ જ્ઞાયકમૂર્તિ ટંકોત્કીર્ણ સ્વભાવ છે. જે ભેદ વિનાનો વિવિધતા વિનાનો, સામાન્ય ધ્રુવ અભેદ સ્વભાવ છે તે ઉપચાર વિનાનો છે. જેના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણતિ પામેલો જે જીવ છે તે જીવ અપૂર્વ સિદ્ધદશાને પામે છે. તે કયા સાધન વડે પામે છે તે બતાવે છે. વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું હતું પણ તેને મોક્ષનું કારણ કહ્યું ન હતું. અખંડ આત્માની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે મોક્ષનું કારણ છે. આત્માની પર્યાયમાં થતાં વિકારના પરિણામ તે આત્માનું સ્વરૂપ નથી. મોક્ષમાર્ગ ને મોક્ષ પણ પર્યાય છે, ભેદ છે, તેના આશ્રયે ધર્મ નથી પણ વિકાર અને ભેદ રહિત ટંકોત્કીર્ણ જ્ઞાયક જેનો સ્વભાવ છે એવા નિજ પરમ-

તત્ત્વની શ્રદ્ધા વડે મુક્તિ થાય છે. પંચપરમેષ્ઠીની વ્યવહારશ્રદ્ધાના રાગથી મુક્તિ થતી નથી. હેય-ઉપાદેય તત્ત્વોના વ્યવહારજ્ઞાનથી મુક્તિ થતી નથી. પંચમહાવ્રતના રાગથી મુક્તિ થતી નથી. વાણી તથા જ્ઞાની પુરુષોના નિમિત્તથી મુક્તિ થતી નથી. શ્રદ્ધાનો રાગ વગેરે બંધનું કારણ છે. મોક્ષદશાનું કારણ નિજ પરમતત્ત્વની શ્રદ્ધા છે. દયા-દાનાદિ ભાવ પુણ્યતત્ત્વ છે, હિંસા, જૂઠું પરિગ્રહાદિ પાપતત્ત્વ છે. ક્ષયોપશમ ઉઘાડ પણ એક સમયની પર્યાય છે, તે પરમ તત્ત્વ નથી પણ નિજપરમાત્મા-કારણપરમાત્મા જ પરમતત્ત્વ છે. તેની શ્રદ્ધાથી મુક્તિ થાય છે માટે તેને અભેદ નિશ્ચય સમ્યગ્દર્શનરત્ન કહ્યું છે.

## નિજ પરમતત્ત્વનું જ્ઞાનમાત્ર સ્વરૂપ તે સમ્યગ્જ્ઞાન છે.

હવે સમ્યગ્જ્ઞાનની વાત કરે છે. પોતાના નિજ પરમતત્ત્વના જ્ઞાન-માત્ર સ્વરૂપ એવા અંતર્મુખ પરમ બોધ વડે મુક્તિ પામે છે. શાસ્ત્રનું રાગસહિત જ્ઞાન તે પરલક્ષી જ્ઞાન છે. તે મોક્ષનું કારણ નથી. શાસ્ત્ર પર છે. શાસ્ત્રમાંથી જ્ઞાન આવતું નથી. આત્મા જ્ઞાયક છે તેનાં અવલંબને બોધ પ્રગટે છે તેને સમ્યગ્જ્ઞાન કહે છે. જેમ માલ લેવા જે જાય તે શું માલ લેવો છે, તે કેવી રીતે મળે છે તેનો નિર્ણય કરે છે. તેમ મુક્તિરૂપી માલ જોઈતો હોય તેણે ત્રણે રત્નો મેળવવા જોઈએ. તે રત્નો કયાંથી મળે? દેહ, મન, વાણીથી નહિ, વિકારથી નહિ, એક સમયના ઉઘાડની પર્યાયથી પણ નહિ પણ જ્ઞાન-સ્વભાવી આત્માના જ્ઞાનથી સમ્યગ્જ્ઞાન થાય છે ને તે વડે જ મોક્ષદશા પમાય છે. તે સિવાય બીજો ઉપાય નથી.—એમ નિર્ણય કરવો જોઈએ.

## પોતાના પરમતત્ત્વમાં અવિચળપણે સ્થિતિ તે સમ્યક્ચારિત્ર છે.

હવે સમ્યક્ચારિત્રની વાત કરે છે. પાંચ મહાવ્રતના વિકલ્પ વિનાના ને એક સમયના ઉઘાડ વિનાના આખા જ્ઞાયક ધ્રુવસ્વભાવમાં અવિચળપણે સ્થિતિ તે ચારિત્ર છે ને તે મુક્તિનું કારણ છે. પાંચ મહાવ્રતના પરિણામથી ચારિત્ર થતું નથી પણ શુદ્ધ દ્રવ્યના આશ્રયે ચારિત્રદશા-વીતરાગી પરિણામ થાય છે. આ પ્રમાણે જે અભેદ રત્નત્રય પરિણતિવાળો જીવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો જીવ છે તે જ જીવ પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનને ચારિત્ર વડે પૂર્વે નહિ પ્રાપ્ત કરેલા એવા અપૂર્વસુખને, આનંદદશાને-મુક્તિદશાને પામે છે. સિદ્ધદશા દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે તે નવી પ્રગટ થાય છે. સંસાર પણ પર્યાય છે. પુણ્ય-પાપનો આશ્રય તે મિથ્યાત્વ, રાગ ને સંસાર છે. તે એક સમયનો છે. બે સમયનો સંસાર ભેગો થતો નથી. તેમ જ સંસારનો નાશ પણ કરવો પડતો નથી. નિજ પરમતત્ત્વનું અવલંબન લેતાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ થઈને પૂર્ણ સિદ્ધદશા પ્રગટ થાય છે ને સંસારનો નાશ થઈ જાય છે. અહીં પ્રથમ વ્યવહારરત્નત્રય બતાવ્યા માટે તેનાથી નિશ્ચયરત્નત્રય થાય છે એમ નથી.

વ્યવહારથી નિશ્ચય થતો નથી. પોતાના સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટે છે ત્યાં વ્યવહાર કેવો હોય છે તેનું જ્ઞાન કરાવેલ છે.

ભાવલિંગી મુનિને વિકલ્પવાળી દશા વખતે ૨૮ મૂળગુણનું પાલન હોય છે તેથી તેને વ્યવહારનય હોય છે.

"જે પરમજિન યોગીશ્વર પહેલાં પાપક્રિયાથી નિવૃત્તિરૂપ વ્યવહારનયના ચારિત્રમાં હોય છે, તેને ખરેખર વ્યવહારનયગોચર તપશ્ચરણ હોય છે."

પોતાના આત્માનો સ્વભાવ શુદ્ધ છે, વિકારથી રહિત છે એવા શુદ્ધ આત્માના શ્રદ્ધા-જ્ઞાન સહિત એકાગ્રતા કરે તેને યોગી કહે છે. યથાર્થ સ્વરૂપના ભાન વિના યોગની સાધના કરે છે તે યોગી નથી. અનંતા આત્મા, અનંતા પુદ્ગલાદિ દ્રવ્યો છે. દરેક આત્મામાં અનંતા ગુણો ને અનંતી પર્યાયો છે. પર્યાયમાં વિકાર છે, પણ સ્વરૂપમાં વિકાર નથી એમ શ્રદ્ધા હોવી જોઈએ. એમ પોતાના આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરે તે યોગી છે. વળી લીનતામાં જે ઉત્કૃષ્ટ છે તેને પરમયોગી જિનેશ્વર કહે છે. તેવા જિનયોગીશ્વર જ્યારે સ્વરૂપમાં લીન હોતા નથી ત્યારે તેને છઠ્ઠે ગુણસ્થાને પ્રમત્તદશામાં અશુભભાવથી નિવૃત્તિરૂપ પાંચ મહાવ્રતાદિનું પાલન હોય છે. તેને વ્યવહારચારિત્ર કહે છે. સ્વરૂપની અંતરલીનતા આવતી નથી ત્યારે શુભરાગ ઊઠે છે, અઠ્ઠાવીસ મૂળગુણનું પાલન હોય છે. બાહ્યથી નગ્ન દિગમ્બર દશા હોય છે તેને વ્યવહારચારિત્ર કહે છે ને જેને ખરેખર વ્યવહારચારિત્ર છે તેને વ્યવહારનય હોય છે.

પરમ શુદ્ધ આત્મસ્વભાવમાં પ્રતપન એ નિશ્ચય તપ છે.

"સહજ નિશ્ચયનયાત્મક પરમસ્વભાવસ્વરૂપ પરમાત્મામાં પ્રતપન તે તપ છે; નિજ સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ નિશ્ચયચારિત્ર આ તપથી હોય છે."

હવે નિશ્ચયતપની વાત કરે છે. આત્મા આનંદકંદ છે તેમાંથી સિદ્ધના આનંદ જેવા ઝરણાં વહે છે. એવા પરમસ્વભાવરૂપ આત્મામાં લીન થવું, શોભાયમાન થવું, વીતરાગી દશાની ઉજ્જવળતા થવી તેને નિશ્ચય તપ કહે છે.

અત્યારે તો અજ્ઞાની જીવ બહારની ક્રિયામાં-રોટલા ન ખાવામાં તપ માને છે. આહાર ન લીધો માટે તપ થયો એમ માનનાર જીવ રોટલા-જડ પદાર્થના ગ્રહણ-ત્યાગનો સ્વામી થાય છે તેથી મિથ્યાદષ્ટિ છે. આહાર ન આવવાથી જીવને લાભ થાય તો આહાર પર્યાય આત્માના પરિણામનો સ્વામી થઈ જાય છે માટે આહાર આવવાથી અશુભભાવ નથી ને આહાર ન આવવાથી શુભભાવ થતો નથી. અશુભભાવ, શુભભાવ જીવ સ્વતંત્ર કરે છે, જડની ક્રિયા સાથે તેને સંબંધ નથી. વળી શુભરાગ થયો તે પણ તપ નથી

જો તપ પરને લીધે થતો હોય તો પર આત્માનો સ્વામી થઈ ગયો. આત્મા સ્વતંત્ર રહેતો નથી. પરપદાર્થથી રહિત, વિકારી ભાવથી રહિત, એકરૂપ શુદ્ધ પરમાત્માસ્વરૂપ પોતાનો આત્મા છે. એવા આત્મામાં લીન થવું, એકાગ્ર થવું તેને ભગવાન તપશ્ચર્યા કહે છે ને તે તપશ્ચર્યાથી નિર્જરા થાય છે. બાકીના તપને બાળતપ ને બાળવ્રત કહે છે.

નિશ્ચયતપ વડે પોતામાં અવિચળ સ્થિતિરૂપ સહજ ચારિત્ર થાય છે ને સિદ્ધદશાને પામે છે.

આવી લીનતાપૂર્વક પ્રતપનથી અથવા નિશ્ચયતપથી નિશ્ચયચારિત્ર પ્રગટે છે. આવા નિશ્ચયતપથી પોતાના સ્વભાવમાં અવિચળપણે સ્થિતિ થાય છે. તેને નિશ્ચયચારિત્ર કહે છે. શરીરની નગ્નદશાથી અથવા પાંચ મહાવ્રતના પરિણામથી નિશ્ચય ચારિત્ર પ્રગટતું નથી પણ જ્ઞાનસ્વભાવમાં લીનતારૂપી તપથી ચારિત્ર પ્રગટે છે. પ્રથમ વ્યવહારની વાત કરી તે જાણવા માટે છે પણ તે આદરણીય નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવ એક જ આદરણીય છે. આત્માની અંદર ઉદયભાવ, ક્ષયોપશમભાવ ને ઉપશમભાવ છે તે એક સમયની પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય થતી નથી. પૂર્વ પર્યાય તો વ્યયરૂપ છે, પણ શુદ્ધ ચૈતન્ય-સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. તેના અવલંબને શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર–તપની પર્યાય પ્રગટે છે. માટે અંશબુદ્ધિ, પર્યાયબુદ્ધિ, છોડી ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મનું કારણ છે. આમ જે પોતાના સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરી લીનતા કરે છે તેને અભૂતપૂર્વ સિદ્ધદશા પ્રગટ થાય છે.

[ ક્રમશઃ ]

— ❀ —

[ સંસારવેલ નાશ કરવાનો ઉપાય......પાનું ૧૬ થી ચાલુ ]

હીરાની એક એક રતિની લાખો-કરોડો રૂપિયાની કિંમત હોય છે અને હીરાનું વજન કરવાના તોલ પણ બહુ સૂક્ષ્મ હોય છે તેમ ભગવાન આત્માની કિંમત કરનારી દૃષ્ટિ પણ બહુ સૂક્ષ્મ હોય છે.

મુમુક્ષુઃ— હીરાની દુકાને તો પડાપડી થતી હોય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઃ— અહીં પણ પડાપડી થાય છે. છ માસ ને આઠ સમયમાં છસો ને આઠ જીવો સિદ્ધ થઈ જાય છે. સિદ્ધ થનારાની મોટી કતાર ચાલુ જ છે. ધારાવાહી માર્ગમાં સિદ્ધો હારબંધ થઈ રહ્યાં છે.

આવા આત્માને આદરણીય કરવો એટલે બીજાની મહિમા છોડી આત્મામાં દૃષ્ટિ લગાવવી તે આત્મામાં ઉપાદેયપણું છે. તે મોક્ષનો માર્ગ છે.

[ ક્રમશઃ ]

— ❀ —

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દષ્ટિ જીવની બાર ભાવનાઓનું આ વર્ણન છે. હું જ્ઞાનસ્વરૂપ આત્મા છું એવો યથાર્થ નિર્ણય થયા વિના આ લોકભાવના વગેરે હોય નહિ. લોકમાં છએ દ્રવ્યો સ્વતંત્ર ભિન્ન ભિન્ન છે, કોઈ કોઈને આધીન નથી. વીતરાગે કહેલાં આવા યથાર્થ તત્ત્વનું શ્રવણ કરનારા પણ લોકમાં વિરલા છે—એમ કહે છે.

विरलाः निश्रृण्वन्ति तत्त्वं विरलाः जानन्ति तत्त्वतः तत्त्वम् ।
विरलाः भावयन्ति तत्त्वं विरलानां धारणा भवति ॥ २७९ ॥

અર્થ:— જગતમાં તત્ત્વને કોઈ વિરલા પુરુષ સાંભળે છે, સાંભળીને પણ તત્ત્વને યથાર્થરૂપ વિરલા જ જાણે છે, જાણીને પણ તત્ત્વની ભાવના અર્થાત્ પુનઃ પુનઃ અભ્યાસ વિરલા જ કરે છે તથા અભ્યાસ કરીને પણ તત્ત્વની ધારણા તો વિરલાઓને જ હોય છે. ૨૭૯.

જગતમાં યથાર્થ વીતરાગી તત્ત્વનું શ્રવણ કરનારા જીવો બહુ થોડા હોય છે. તીર્થંકરોના વખતમાં લાખો-કરોડો જીવો શ્રવણ કરનારા હોય, છતાં તે વખતે પણ અજ્ઞાની જીવો ઘણા હોય છે. ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે દિવ્યધ્વનિ દ્વારા જે છ દ્રવ્યો કહ્યાં, દેવ-ગુરુ શાસ્ત્ર કહ્યા, કારણ-કાર્યની સ્વતંત્રતા કહી, નિમિત્તનૈમિત્તિકસંબંધ કહ્યો, એવા વીતરાગી તત્ત્વને સાંભળનારા જીવો જગતમાં હંમેશા થોડા જ હોય છે. આવો જ જગતનો સ્વભાવ છે. પૂર્વાપર વિરોધ રહિત યથાર્થ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિની વાત સાંભળનારા જીવો પણ જગતમાં થોડા છે. જગતના બધાય જીવો સત્ય સમજી જાય એમ બનતું નથી. અહો! સંસારમાં જીવને સત્યના શ્રવણની પણ દુર્લભતા છે. સત્યનું શ્રવણ મળે એવા પ્રકારનાં પૂર્વના પુણ્યની પણ દુર્લભતા છે ને વર્તમાનમાં તે પ્રકારની યોગ્યતા-વાળા જીવોની પણ દુર્લભતા છે. સર્વજ્ઞદેવે જોયેલાં લોકનાં છએ દ્રવ્યો કારણકાર્યભાવ વગેરે બધું વર્ણન કર્યા પછી શાસ્ત્રકાર કહે છે કે આવા સત્ય તત્ત્વને સાંભળનાર જીવો જગતમાં બહુ થોડા છે.

વળી શ્રવણ કરનારા જીવોમાંથી પણ તત્ત્વને યથાર્થરૂપે જાણનારા વિરલા જ છે. બકરાં ને ઘેટાંનાં ટોળા વનમાં ઘણાં હોય છે પણ તેવા કાંઈ સિંહ વાઘનાં ટોળા નથી હોતા; ક્યાંક ક્યાંક સિંહના ટોળા પણ હોય, પણ તે ઘેટાં-બકરાં જેટલાં ન હોય. તેમ પ્રથમ તો સત્યની વાત કાને પડે તેવા જીવો જગતમાં બહુ થોડા છે ને તેમાં પણ

યથાર્થ તત્ત્વને જાણનારા જીવો વિરલા જ છે. લાખો–કરોડો જીવો એકસાથે સમજી જાય એવો આ કાળ નથી. અત્યારે તો હળાહળ કાળ આવી ગયો છે; તત્ત્વની ઘણી જ વિરલતા થઈ ગઈ છે; જુઓ, આ તત્ત્વના શ્રવણની અને જ્ઞાનની દુર્લભતા છે, તે સાંભળનારા ને જાણનારા વિરલા છે એમ કહ્યું છે, પણ કાંઈ તેનો તદ્દન અભાવ નથી. અત્યારે અધ્યાત્મના નામે કેટલાક લોકો વાતો કરે છે, પણ હજી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ શું છે તેનું પણ તેમને ભાન નથી. તત્ત્વની યથાર્થ વાત સંભળાવનારાની પણ દુર્લભતા છે ને સાંભળનારાની પણ દુર્લભતા છે તથા સાંભળીને પણ યથાર્થ તત્ત્વને જાણનારા જીવો વિરલા છે.

તત્ત્વને સાંભળીને તથા જાણીને પણ અંતરમાં વારંવાર તેનો અભ્યાસ વિરલા જ કરે છે તથા તેનો અભ્યાસ કરીને પણ તત્ત્વની અતૂટ ધારણા તો વિરલા જ જીવોને હોય છે.

યોગસારમાં પણ કહે છે કે:—

विरलाः जानन्ति तत्त्वं बुधा विरलाः निशृण्वन्ति तत्त्वम् ।
विरलाः ध्यायन्ति तत्त्वं जीव विरलाः धारयन्ति तत्त्वम् ॥ ६६ ॥

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ,
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬

દિગંબર જૈનશાસનની સનાતન સત્ય વાત સાંભળવી પણ જીવોને દુર્લભ છે. સાંભળ્યા પછી યથાર્થ તત્ત્વને સમજીને સમ્યગ્દર્શન પામનારા જીવો બહુ વિરલા છે. અહો! બધી રીતે ભૂલ વિનાનો પરમ સત્ય એવો વસ્તુસ્વભાવ સાંભળનારા અને સમજનારા જીવો જગતમાં વિરલા છે. વસ્તુસ્વભાવને લક્ષમાં લીધા પછી વારંવાર અંતરમાં તેનો અનુભવનો અભ્યાસ કરનારા જીવો પણ દુર્લભ છે. તત્ત્વને જાણ્યા પછી પણ અંદરમાં નિર્વિકલ્પ થવાની દુર્લભતા છે ને અખંડ ધારાએ આરાધનાને ટકાવી રાખે તે તો વિરલાને જ હોય છે.

જુઓ, બે હજાર વર્ષ પહેલાં આ દુર્લભતા વર્ણવી છે, તો અત્યારે તો તે વખતના કરતાં પણ વિશેષ દુર્લભતા છે.

ભાવાર્થ:—તત્ત્વાર્થનું યથાર્થ સ્વરૂપ સાંભળવું, જાણવું, ચિંતવવું અને ધારવું ઉત્તરોત્તર દુર્લભ છે. આ પંચમકાળમાં તત્ત્વના યથાર્થ વક્તા દુર્લભ છે તથા તેને ધારણ કરવાવાળા પણ દુર્લભ છે.

ચૈતન્યસ્વભાવની દૃષ્ટિપૂર્વક યથાર્થ તત્ત્વના વક્તા મળવા બહુ જ દુર્લભ છે. ત્રણે કાળે તેની દુર્લભતા છે પણ આ કાળે તો વધારે દુર્લભતા છે; તેમજ શ્રવણ કરનારા જીવો

પણ વિરલા હોય છે, જગતમાં સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઓળખનારા જીવો પણ વિરલા છે. સાચા જ્ઞાની વક્તા સત્ય સંભળાવનારા મળે ત્યારે તેને ઓળખનારા જીવો બહુ વિરલા છે. જીવો પોત-પોતાના કુળ-સંપ્રદાયથી ગુરુને માની રહ્યા છે ને કુદેવ-કુલિંગને વંદન કરવું તે વિનય મિથ્યાત્વનું પોષણ છે. જે જીવોએ સર્વજ્ઞ વીતરાગની પરંપરા તોડીને વિપરીત માર્ગ ચલાવ્યો તે જીવો જૈનશાસનના વેરી છે ને તેને માનનારા જીવો પણ અનંત સંસારમાં રખડનારા છે. જુઓ, સત્યતત્ત્વની જગતમાં દુર્લભતા છે એમ જાણીને પોતે તેનો મહિમા લાવીને પ્રયત્ન કરીને સમજવા માટેની આ વાત છે. આગળ કહે છે કે ઉપર કહેલાં તત્ત્વને સાંભળીને તેને નિશ્ચયભાવથી જે ચિંતવે છે તે તત્ત્વને જાણે છે.

**तत्त्वं कथ्यमानं निश्चलभावेन गृह्णाति यः हि ।**
**तत् एव भावयति सदा सः अपि च तत्त्वं विजानाति ॥ २८० ॥**

અર્થ:— જે પુરુષ ગુરુજનો દ્વારા કહેલું જે તત્ત્વનું સ્વરૂપ તેને નિશ્ચલભાવથી ગ્રહણ કરે છે—અન્ય ભાવના છોડી નિરંતર ભાવે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. ૨૮૦.

જૈનદર્શન એવું અપૂર્વ અને દુર્ગમ્ય છે કે યથાર્થ ગુરુગમે સાંભળ્યા વગર તેનું રહસ્ય સમજાય તેવું નથી. "નિજકલ્પનાથી કોટિ શાસ્ત્રે માત્ર મનનો આમળો." ગુરુગમ વગર એકલા શાસ્ત્રોથી સત્ય સમજાય નહીં, જ્યાં પાત્રતા હોય ત્યાં નિમિત્ત તરીકે ગુરુગમ હોય જ, એકલા શાસ્ત્રમાંથી પોતાના સ્વચ્છંદે સમજાય તેવું જૈનદર્શન નથી. શાસ્ત્રો કાંઈ પોતાના ભાવ કહેતાં નથી. શાસ્ત્રોનો ભાવ તો જ્ઞાનીના હૃદયમાં છે. સંતોની પરંપરામાં શાસ્ત્રોનો અર્થ ચાલ્યો આવે છે. શાસ્ત્રનો અર્થ કરનારા સંતોની પરંપરા જૈનશાસનમાં અતૂટ છે. જો અર્થ કરનારો પુરુષ ન હોય તો એકલી વાણી તે અપ્રમાણ છે. પુરુષ વગર વાણીનો અર્થ કોણ કરશે? માટે એકલી વાણી અમારે માન્ય નથી, પણ વાણીનો અર્થ કરનારા જ્ઞાની પુરુષ પરંપરાએ થતા આવે છે. સર્વથા અપૌરુષય વાણી પ્રમાણરૂપ નથી. તે તે કાળના શાસ્ત્રોના જ્ઞાનથી સંપન્ન એવા જ્ઞાની પુરુષો શાસ્ત્રોનો અર્થ કરે તે જ માન્ય છે. માટે અહીં પણ એમ કહ્યું કે ગુરુજનોદ્વારા કહેલું તત્ત્વનું સ્વરૂપ સાંભળીને જે જીવ નિશ્ચયભાવથી તેને ગ્રહણ કરે છે ને અન્ય ભાવના છોડીને અંતરમાં વારંવાર તેની ભાવના કરે છે તે પુરુષ તત્ત્વને જાણે છે. જેને ગુરુગમે યથાર્થ શ્રવણ પણ ન હોય તેને તો સમજવાની પાત્રતા પણ નથી, માટે ગુરુગમે સાંભળીને અંતરમાં તેનો નિર્ણય કરીને વારંવાર તેની ભક્તિ કરવી જોઈએ.

આગળ કહે છે કે તત્ત્વની ભાવના નથી કરતો તેવો કયો પુરુષ, સ્ત્રી આદિને વશ નથી? સર્વ લોક છે:—

कः न वशः स्त्रीजने कस्य न मदनेन खण्डितः मानः ।
कः इन्द्रियैः न जितः कः न कषायैः संतप्तः ॥ २८१ ॥

અર્થ:—આ લોકમાં સ્ત્રીજનને વશ કોણ નથી? કામથી જેનું અંતઃકરણ ખંડિત નથી થયું એવો કોણ છે? ઇન્દ્રિયોથી જે નથી જિતાઈ ગયો એવો કોણ છે? તથા કષાયોથી જે નથી તપ્તાયમાન થયો એવો કોણ છે? ૨૮૧.

જુઓ, જેની ભાવના અંતરમાં ચૈતન્યતત્ત્વ તરફ નથી વળતી તે બહારમાં સ્ત્રી આદિને વશ થઈ જાય છે. જેને જ્ઞાયક ચૈતન્યની ભાવના નથી, તેને વિષયોની ભાવના છે. અસંયોગી ચૈતન્યતત્ત્વની જેને દૃષ્ટિ અને ભાવના નથી તે જીવ સંયોગને તાબે થયા વિના રહેતો નથી. જે ધર્મી જીવને અંતરમાં ચૈતન્યનું ભાન છે તેને ખરેખર પરની ભાવના હોતી નથી. ચૈતન્યની દૃષ્ટિ કરીને તેની ભાવના કરવી તે જ વિષયોને જીતવાનો ઉપાય છે. સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા ચક્રવર્તી હોય ને છન્નુ હજાર સ્ત્રીઓ હોય, છતાં તેની દૃષ્ટિ ચૈતન્યને વશ છે, તે ખરેખર વિષયોને વશ થતો નથી. જેને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુ ઉપરનો ઉલ્લાસ હોય તેને કુદેવ–કુશાસ્ત્ર–કુગુરુનો પ્રેમ હોય નહિ, તેમજ દેવ–શાસ્ત્ર–ગુરુ ઉપરના ઉલ્લાસ અને પ્રેમ કરતાં જો સ્ત્રી આદિ પ્રત્યેનો પ્રેમ અને ઉલ્લાસ વધી જાય તો તે મિથ્યાદૃષ્ટિ છે અને ચૈતન્યસ્વભાવના ઉલ્લાસ કરતાં ખંડખંડ રાગભાવનો ઉલ્લાસ વધી જાય તો તે પણ મિથ્યાદૃષ્ટિમાં છે. જેની પરિણતિ અંતરમાં સ્વતરફ વળી નથી તેની પરિણતિ પર વિષયો તરફ વળ્યા વગર રહેતી નથી એટલે તે વિષય–કષાયોથી જિતાઈ જાય છે.

ધર્મીને અસ્થિરતાનો રાગ હોય, પણ ધર્મ પ્રત્યેના પ્રેમ કરતાં સંસાર પ્રત્યેનો પ્રેમ ઉલ્લાસ વધી જાય–એમ બને નહિ. ચારિત્રમાં નબળાઈને લીધે રાગ છે તેની જરાય રુચિ ભાવના નથી. ગૃહસ્થદશામાં પણ જ્ઞાની કામને વશ નથી.

જે જ્ઞાયક અતીન્દ્રિય અસંયોગી સ્વભાવને વશ નથી તે પાંચ ઇન્દ્રિયોના ખંડમાં વશ થાય છે. વિષયો સમીપ હોય છતાં જ્ઞાની તેને ઝેર માને છે. અખંડ જ્ઞાનાનંદસ્વભાવની રુચિ મુખ્ય છે તેથી તે જિતેન્દ્રિય છે.

એકલા વિષયને છોડવાની વાત નથી પણ જેને અખંડ સ્વવિષય સ્વચૈતન્યનું ધ્યેય નથી તેને ખંડખંડ ઇન્દ્રિયવિષયની રુચિ ધ્યેય ભાવના થયા વિના રહે નહિ કેમકે પર્યાયબુદ્ધિનો પ્રવાહ તૂટ્યો નથી, સ્ત્રીના વચનો મીઠા લાગે, તેને વશ થઈ જાય તે મૂઢ અજ્ઞાની છે. જ્ઞાની સ્વને ચૂકીને રાગમાં જોડાતો નથી અને કોઈ નિમિત્તથી, સુંદરરૂપથી કે શબ્દોથી રાગ થવાનું તે માનતો નથી, અસ્થિરતાનો રાગ ગૌણ છે. ધ્રુવ ચિદાનંદ જ મુખ્ય છે, તેથી તે કદી વિષયવશ થતો નથી.

જેને નિત્ય અકષાય શાંત જ્ઞાયકસ્વભાવની અતીન્દ્રિય રુચિ થઈ નથી તે કષાયોથી તપ્તાય-

માન છે. જુઓ, આચાર્યદેવે અતીન્દ્રિય જ્ઞાયકસ્વભાવનો કેવો મહિમા કર્યો છે.

હવે જ્ઞાની સંતભાવલિંગી કેવા હોય છે તે કહે છે:—

सः न वशः स्त्रीजने सः न जितः इन्द्रियैः मोहेन ।
यः न च गृह्णति ग्रन्थं आभ्यन्तरबाह्यं सर्वम् ॥ २८२ ॥

અર્થ:—જે પુરુષ તત્ત્વનું સ્વરૂપ જાણી બાહ્ય-અભ્યન્તર સર્વ પરિગ્રહને ગ્રહણ કરતો નથી તે પુરુષ સ્ત્રીજનને વશ થતો નથી, તે જ પુરુષ ઇન્દ્રિયોથી જિતાઈ જતો નથી તથા તે જ પુરુષ મોહકર્મ જે મિથ્યાત્વકર્મ તેનાથી જિતાતો નથી. ૨૮૨.

ત્રણે કાળે સનાતન નિર્ગ્રંથ મુનિમાર્ગ એક જ પ્રકારે છે. ત્રણ કષાયનો અભાવ થવાથી નગ્ન દિગંબર વીતરાગી સંત છઠ્ઠા સાતમા ગુણસ્થાને હજારો વાર વર્તે છે. મહાવિદેહ-ક્ષેત્રમાં આ એક જ પ્રકાર છે. એવા પરમ જિતેન્દ્રિય મુનિ મુખ્ય છે. સ્વરૂપમાં સ્થિરતા કરતાં રાગ છૂટી જાય છે. ચોથા ગુણસ્થાનવાળો જીવ મિથ્યાત્વને જીતનાર છે. અહીં આચાર્યદેવ પોતે ભાવલિંગી મુનિ છે તે સહાય જિતેન્દ્રિય વર્તતા વીતરાગતાની ભાવના ભાવે છે ને જે આવી સમજણ પૂર્વક ભાવનામાં વર્તે છે તે ઇન્દ્રિય વશ થઈ મિથ્યાત્વથી જિતાતો નથી. [ ક્રમશઃ ]

## વૈરાગ્ય સમાચાર:—

* વઢવાણનિવાસી શ્રી શાંતિલાલ માણેકચંદ શાહ (ઘડિયાળી) (વર્ષ-૮૮) તા. ૧૭-૧૨-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ મંડળના સૌથી જૂના સભ્ય હતા ને મંડળના સેક્રેટરી તરીકે તેમજ મુખ્ય કાર્યકર તરીકે ખૂબ સારી સેવા કરી હતી. સોનગઢ આવવાની ઘણી ભાવના હોવા છતાં છેલ્લા કેટલાક વર્ષોથી બિમારીના કારણે આવી શકયા ન હતા. તેઓ એ અન્યંત શાંતિથી જાગૃતિપૂર્વક દેહત્યાગ કર્યો હતો.

* લોહારદાનાનિવાસી શ્રી હીરાલાલજી પાટોદી [ વર્ષ-૮૫ લગભગ ] સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. —*—

# સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પુરુષાર્થ કર

જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય. ૨૭૮.

[ વચનામૃત-પ્રવચન, ભાગ-૩ માંથી ]

'જેમ કોઈને ગ્રીષ્મઋતુમાં પર્વતની ટોચ પર બરાબર તાપ લાગ્યો હોય અને તીવ્ર તૃષા લાગી હોય, તે વખતે પાણીના એક બિંદુ તરફ પણ તેનું લક્ષ જાય છે અને તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે.'

ધોમ ધખતા ઉનાળામાં પર્વતના ઝાડપાન વગરના ખુલ્લા શિખર ઉપર જેમ કોઈને આકરો તાપ લાગ્યો હોય અને સાથે ખૂબ જ તરશ લાગી હોય, ત્યાં તેને પાણીનું એક ટીપું પણ મળે તો તે તેને લેવા માટે દોડે છે, તેમ જે જીવને આ આખો સંસાર એકાન્ત દુઃખરૂપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર પિપાસા જાગી હોય, તે અંદરમાં નિત્યાનંદ જ્ઞાયક પ્રભુને ઓળખવાનો ઉગ્ર પુરુષાર્થ કરે છે. જેને તરશ લાગી હોય તે પાણી પીવા જાય, એમ અંદરથી જેને સત્ પ્રાપ્ત કરવાની ઝંખના જાગી છે તે અંતરમાં જઈને સ્વરૂપનો અનુભવ કર્યા વિના રહે નહિ, અતીન્દ્રિય આનંદામૃતનું રસપાન કર્યા વિના રહે નહિ. અહા! આવો મારગ છે ભાઈ! બીજા ઉપદેશકો અજ્ઞાનથી ભલે તે કહે—તમે મંદિર બંધાવ્યાં, યાત્રાઓ કાઢી, વ્રત ધારણ કર્યાં, દાન આપ્યાં, માટે તમને

ધર્મ થઈ ગયો—તે બધું પાખંડ ને મૂઢતા છે. ભાઈ! એમાં ધરમ-બરમ છે જ નહિ, એમાં રાગની મંદતા કરી હોય તો પુણ્ય છે. અજ્ઞાની પુણ્યમાં પુરુષાર્થ કરે છે પણ અંદરમાં પુરુષાર્થ ક્યારેય કરતો નથી. ચોવિહાર કરવો, બ્રહ્મચર્ય પાળવું વગેરે ક્રિયા-કાંડમાં રાગ મંદ કર્યો હોય તો પુણ્ય થાય, ધર્મ નહિ.

અહીં કહે છે કે—સંસારનો તાપ લાગ્યો હોય અને સત્‌ની તીવ્ર તૃષા લાગી હોય, તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પ્રયત્ન કરે છે. અહા! સંસારનાં દુઃખ કહ્યાં જાય એમ નથી. ભગવાન કહે છે—એક શ્વાસોચ્છ્‌વાસ જેટલા વખતમાં જીવ નિગોદના અઢાર ભવ કરે છે. આલુ, ડુંગળી, લસણ, કાંદા વગેરેની રાઈ જેટલી એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને તે એક શરીરમાં સિદ્ધની સંખ્યા કરતાં અનંત ગુણા નિગોદના જીવ છે. અરે પ્રભુ! તું પણ ત્યાં અનંત કાળ રહી આવ્યો છો. હવે તો તને આ મનુષ્યભવ મળ્યો છે, માટે અંદરમાં જો. તને સંસારનો તાપ લાગ્યો હોય અને સત્ સમજવાની તીવ્ર જિજ્ઞાસા જાગી હોય, તો તે સત્‌ની પ્રાપ્તિ માટે ઉગ્ર પુરુષાર્થ કર.

'તે આત્માર્થી જીવ 'જ્ઞાન' લક્ષણ દ્વારા જ્ઞાયક આત્માની પ્રતીતિ કરી અંદરથી તેના અસ્તિત્વને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય."

'સચ્ચિદાનંદસ્વરૂપ નિજ જ્ઞાયક આત્માને હું કઈ રીતે પ્રાપ્ત કરું' એવી જેને તીખી જિજ્ઞાસા થઈ હોય તે આત્માર્થી જીવ 'આ જાણનાર, જાણનાર, જાણનાર તત્ત્વ તે હું' એમ 'જ્ઞાન' લક્ષણ વડે જ્ઞાયક આત્માની સાચી ઓળખાણ કરી તેના સ્વરૂપને બરાબર ખ્યાલમાં લે તો તેને જ્ઞાયક આત્માની અનુભૂતિ પ્રગટ થાય. આત્માનું લક્ષણ 'જ્ઞાન' કહ્યું, શરીર, વાણી, મન કે રાગ તે કાંઈ આત્માનું લક્ષણ નથી. વર્તમાન ઉત્પાદ-વ્યયવાળી પર્યાયમાં જે જાણનક્રિયા છે તે વડે લક્ષગત થતું જે ત્રિકાળી ધ્રુવ જ્ઞાન તે આત્માનું લક્ષણ છે. તે લક્ષણ દ્વારા જ્ઞાયકનું જે લક્ષ કર્યું અને તેનાથી જે જ્ઞાયક-દ્રવ્યનો અનુભવ કર્યો તેને સમ્યગ્દર્શન કહે છે.

અરેરે! લોકોને આ વાત બહુ આકરી લાગે છે અને કહે છે કે સોનગઢવાળા એકલી નિશ્ચયની વાત કરે છે. લોકો ભલે કહે, તેમને વસ્તુસ્વરૂપની ખબર નથી. અહીં તો અમે દુનિયા બધી જોઈ લીધી છે, આખા હિન્દુસ્તાનમાં—દસ દસ હજાર માઈલ—ત્રણ વાર ફર્યા છીએ, ધર્મી નામ ધરાવનાર બધાના અભિપ્રાય જોઈ લીધા છે. બાપુ! આ વાત કોઈ જુદી છે. પ્રભુ! તારી વેપારની પેઢી કોઈ જુદી છે. 'જ્ઞાન' લક્ષણ દ્વારા અંદર જવું એ તારી પેઢી છે.

જ્ઞાયકવસ્તુ જે ત્રિકાળી ધ્રુવ નિજ પરમતત્ત્વ છે તેને 'જ્ઞાન' દ્વારા પરથી ને વિભાવથી ભિન્ન બરાબર ઓળખી, તેની અંદરમાં યથાર્થ પ્રતીતિ કરી તેના શુદ્ધ સહજ અસ્તિત્વને લક્ષગત બનાવે, તો તે આત્માર્થી જીવને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થાય—અનુભવગોચર થાય. મિથ્યાદૃષ્ટિનું જે જ્ઞાન એકાન્ત પરસન્મુખ કામ કરતું હતું તે જ્ઞાનની પર્યાય સ્વસન્મુખ થઈ અંતર જ્ઞાયકમાં ગઈ. જ્ઞાનપર્યાયે જ્ઞાયકને પકડ્યો ત્યારે તેની જ્ઞાનપર્યાયમાં ભાન થયું કે—હું શુદ્ધ જ્ઞાયક છું. જ્ઞાયકનું સ્વરૂપ અનુભવ સહિત ખ્યાલમાં આવ્યું તેને જ્ઞાયક તત્ત્વ પ્રગટ થયું કહેવાય. અહા! આવી વાતો છે. આ વાણિયા બિચારાને ધંધાનાં પાપ આડે નવરાશ નહિ. સવારના ૬ થી રાતના ૯ વાગ્યા સુધી ધંધાની મજૂરી. ગામમાં સાધુ આવે તોપણ સામું જોવાની નવરાશ નહિ. કેટલાક બિચારાએ તો 'આત્મા શું છે' એ કદી સાંભળ્યું પણ નહિ હોય.

ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવે જે જ્ઞાનલક્ષણથી લક્ષિત આત્મા કહ્યો તેને જાણીને અંતરમાં પ્રતીતિ કરી—જાણ્યા વિના પ્રતીતિ કોની?—તેના જ્ઞાનમય સહજ અસ્તિત્વને સમ્યક્પણે ખ્યાલમાં લે, જ્ઞાનલક્ષણ વડે ત્રિકાળી ધ્રુવ મોજૂદ ચીજને ખ્યાલમાં લે, તો તેને જ્ઞાયક આત્મા પ્રગટ થાય. જ્ઞાયક આત્માનું અનુભવમાં પ્રગટ થવું તે સમ્યગ્દર્શન છે. જ્ઞાયક આત્માના યથાર્થ લક્ષ વિના એકલા દેવ-શાસ્ત્ર-ગુરુને માનીને પોતાને સમ્યગ્દર્શન થયું ગણે તો તે બરાબર નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ તરફ લક્ષ જતાં રાગ થાય છે, ત્યાં ધૂળેય સમ્યગ્દર્શન નથી. ધૂળેય નથી એટલે એવા ભાવથી પુણ્યાનુબંધી પુણ્ય પણ નથી.

ભગવાન જ્ઞાયક આત્મા 'દેહદેવળમાં બિરાજે છે' એ તો વ્યવહારનું કથન છે. ખરેખર તો ઉત્પાદ-વ્યયસ્વરૂપ જે પર્યાય છે તેની અંદરમાં અર્થાત્ સમીપ ધ્રુવ જ્ઞાયક તત્ત્વ બિરાજે છે. તેના ત્રિકાળી અસ્તિત્વને અંતરથી ખ્યાલમાં લે, વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા તે મહા અસ્તિત્વની પ્રતીતિ કરી લે, તો તે આત્માર્થીને જ્ઞાયક તત્ત્વ અનુભવમાં આવે. વર્તમાન જ્ઞાનપર્યાય વડે ત્રિકાળી જ્ઞાયકને લક્ષમાં લીધો તો તે જ્ઞાનપર્યાયમાં જ્ઞાયક આત્માની પ્રતીતિ આવી ગઈ. પર્યાયમાં જ્ઞાન ને આનંદની જે દશા પ્રગટ થઈ તેનું નામ સમકિત, જ્ઞાન ને ધરમ છે.

જ્ઞાયક તત્ત્વ સર્વ જીવોમાં છે તો ખરું, પરંતુ અજ્ઞાનીને રાગના રસમાં, દયા-દાન વગેરે વિકલ્પોના પ્રેમમાં, આનંદકંદ જ્ઞાયક ધ્રુવ ભગવાનનો અનાદર—તિરસ્કાર થઈ ગયો હતો. હવે જ્ઞાનલક્ષણ દ્વારા અંદર જ્યાં જ્ઞાયકને પકડ્યો ત્યાં તેનો સત્કાર, સ્વીકાર થઈ ગયો. સ્વભાવનો સ્વીકાર થયો તો પર્યાયમાં અનુભવ સહિત જ્ઞાયકપણું પ્રગટ થયું. જ્ઞાયકપણું જે પ્રગટ થયું તેનું નામ સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ ને ધરમ છે. —o—

(તા. ૧૦-૧-૯૦)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ —ભરતક્ષેત્રનું વિદેહધામ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમજ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી સમયસાર' (પંદરમીવારના) તેમજ સાંજે 'શ્રી અષ્ટપાહુડ' (૧૯૭૦ના) ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે શાસ્ત્ર પ્રવચન અને ત્યાર બાદ જિનેન્દ્રભક્તિ, રાત્રે શ્રી ગોગીદેવી બ્ર૦ આશ્રમમાં બ્ર૦ બહેનો દ્વારા મહિલા–શાસ્ત્રસભા; વિશેષ પ્રસંગે આપણા આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમજ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

* સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શનનો તેમ જ કયારેક કયારેક ધર્મચર્ચાનો લાભ મળે છે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાનો અમૂલ્ય લાભ મળવાની ખુશાલીમાં

રૂા. ૧૧૦૦૧/– શ્રી શાંતીલાલ રતીલાલ શાહ તથા તેમના સંબંધીઓ, મુંબઈ

રૂા. ૫૦૦૪/– શ્રી અજિતાબેન વિનોદરાય ખંડેરીયા તથા શ્રી વિભાબેન કિશોરભાઈ લદ્દા હસ્તે લલીતાબેન દલીચંદભાઈ ખારા અમરાવતી

રૂા. ૫૦૦૧/– શ્રી ચીમનલાલ વીકમચંદ સંઘવી પરિવાર. મુંબઈ

રૂા. ૫૦૦૧/– શ્રી દમયંતીબેન રસીકલાલ સંઘવી પરિવાર, કલકત્તા

—તરફથી સંસ્થાના જ્ઞાનપ્રચાર આદિ વિભિન્ન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* માગશર વદ ૮ બુધવાર તા. ૨૦-૧૨-૮૯ ના રોજ પરમાગમ શ્રી સમયસાર આદિ અધ્યાત્મશ્રુતના પ્રણેતા પરમ પૂજ્ય ઋષીશ્વર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' આપણા આદરણીય પં૦ શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા કરવામાં આવેલ પૂજાભક્તિ પૂર્વક આનંદોલ્લાસથી ઉજવવામાં આવ્યો હતો. —*—

'પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી' અંતર્ગત
હૈદ્રાબાદ (આંધ્રપ્રદેશ) માં તા. ૨૪-૧-૯૦ થી તા. ૩૧-૧-૯૦ સુધી
શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠાનો

## ⊞ અસાધારણ ભવ્ય મહોત્સવ ⊞

અધ્યાત્મયુગપ્રવર્તક વીર-કુંદ-માર્ગપ્રભાવક પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં વીતરાગ-દેવ-ગુરુ-ભક્તિરસભીના પુનિત પ્રભાવના ઉદયથી તેમ જ વીતરાગ-દેવ-ગુરુ-ધર્મના પરમોપાસક સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના મંગલવર્ષી પવિત્ર આશિષથી અમારા હૈદ્રાબાદ મહાનગરમાં 'પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ભક્તગણ નિર્માપિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર'ના દિગંબર જિનબિંબોની શુદ્ધામ્નાય અનુસાર પંચકલ્યાણકપ્રતિષ્ઠા, અમારા 'શ્રી મહાવીર-કુંદકુંદ-કહાન-શુદ્ધ-અધ્યાત્મામ્નાયાનુયાયી શ્રી હૈદ્રાબાદ દિગંબર જૈન મુમુક્ષુમંડળ' દ્વારા ઉપરોક્ત આઠ દિવસોમાં અત્યાનન્દોલ્લાસ સહ કરવામાં આવશે.

તેથી, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીના મંગલ અવસર પર ઉજવાનાર આ અસાધારણ ભવ્ય મહોત્સવમાં, દેશ-વિદેશવાસી સમસ્ત મુમુક્ષુ સમાજને નિજ-કલ્યાણના હેતુએ અવશ્ય પધારવા માટે અમારા મંડળ તરફથી ધર્મવાત્સલ્ય યુક્ત તેમ જ આગ્રહપૂર્ણ નિમંત્રણ છે.

પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ-બિરાજમાન, ધર્મધ્વજારોહણ તેમ જ પંચપરમેષ્ઠી-મંડલવિધાનપૂજાના ઇન્દ્રોની ઉછામણી તા. ૨૩-૧-૯૦ના રોજ રાખવામાં આવી છે.

—નિમંત્રક
શ્રી હૈદ્રાબાદ દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

---

સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની
—૫૮ મી

## સમ્યક્ત્વ-જયંતી

તા. ૧૮-૩-૯૦ રવિવાર થી તા. ૨૨-૩-૯૦ ગુરુવાર (ફાગણ વદ-૧૦) સુધી શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી પરિવાર (મુંબઈ) તરફથી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

# ❋ જ્ઞાયકનો આશ્રય લે ❋

❋ કરુણાસાગર ગુરુદેવ કરુણાથી કહેતા હતા; ભાઈ! કરવાનું તો તારે જ છે ને? તારા ઉપાદાનને તૈયાર કરી, ગુણોનો ભંડાર જે જ્ઞાયકદેવ તેના શરણે જા. તેના શરણે જતાં તારા અનાદિ કાળના મિથ્યાત્વાદિ દોષો સહેજે ટળી જશે. દોષો ટાળવાનો એ જ એક ઉપાય છે. એક જ્ઞાયકભાવનો આશ્રય લેતાં જ એકીસાથે બધા દોષોનો યથાસંભવ આંશિક નાશ થાય છે. માટે તું ગમે તેમ કરીને જ્ઞાયકનો આશ્રય લે.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012